

વ્યક્તિગત્ સ્નેહ એક આકર્ષણ છે, મોહનો ચમકાર છે, દિલની ઉછળતી લાગણીઓની ઉપર-છલી ભૂખ છે. સમષ્ટિગત્ સ્નેહ આત્માની ભૂખને તૃપ્ત કરે છે, માણસને ઉચકે છે ઉપરને ઉપર લઇ જાય છે.

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## પ્રિય દર્શન

અંધાર ઘેરા ઘોર અરણ્યમાં ભૂલા પડેલા કોઈ નિરાશ પથિકને, દૂર અતિ-દૂર ટમટમતો દીપક જેમ આશા ને હિંમત આપે છે, તેમ અનંતના આ વિકટ પ્રવાસમાં, મને પણ, પ્રભો, તારું પ્રિય-દર્શન આશા ને હિંમત આપે છે, એટલે જ હું વિનમ્ર ભાવે ભીખ માગું છું કે હે પ્રભો! તારું પ્રિય દર્શન, મારા આ એકલવાયા પંથમાં સદા પ્રકાશ પાથરતું રહો.

– ચિત્રભાનુ

આફ્રિકામાં પર્વ પ્રકાશનો દ્વિતીય વિશેષાંક

# અંતરની પ્રબળ પ્રાર્થનાના પ્રકાશથી ભકતોનો ભાગ્યોદય

અનેક દસકાઓથી આફ્રિકાની ધરતી પર વસતા આપણા શ્રી જૈન દેરાવાસી સંઘ, સ્થાનકવાસી સંઘ, નાઈરોબી તથા મોમ્બાસા અને અનેક અન્ય ભાઈઓની ભાવના હતી કે સર્વે ધર્મના ધર્મગુરૂઓ આ ધરતી પર અવાર નવાર પધાર્યા છે, પણ ઊંડે ઊંડે એ હતું કે જૈન ધર્મના કોઈ એવા પ્રખર, જ્ઞાની તત્ત્વચિંતક પ્રણેતાને આ ભૂમિપર ભારતથી બોલાવવા કે જેઓ જૈનધર્મના સાચા સ્વરૂપને સમગ્ર જનતા સમક્ષ એવી લાક્ષણિક શૈલીથી, વિચાર અને આચારથી પ્રત્યક્ષ દર્શન કરાવે કે જેથી જૈન ધર્મના સિદ્ધાંતોને સમજી, પ્રભુ મહાવીરે પ્રરૂપેલા આચારો અને તેની ગહનતાને આચરણમાં મૂકી અનેક આત્માઓ ધર્મના માર્ગે અનુસરી માનવ જીવનની સાર્થકતા સિદ્ધ કરીએ. આ હેતુથી આફ્રિકામાં વસતા ધર્મપ્રેમિઓએ ખૂબ, સતત પ્રયત્નો કર્યા, અને અંતરની વિનંતિઓના પ્રબળ બળથી, અમારા ભાવભર્યા આમંત્રણનો સ્વીકાર થયો.

તા. ૪–૭–૭૧ ના મંગલ પ્રભાતે આફ્રિકાની ધરતીને પ્રખર તત્ત્વચિંતક, પ્રેરણા અને કરૂણાથી સભર તેવાં પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીના પગલાથી પાવન બની, હર્ષથી ધર્મના અજવાળાં થયા છે, તેમ પત્રો દવારા અમારા અંતરનો ઉમળકો આ લેખીએ છીએ.

આજના આ શુભદિને કેન્યા પાટનગર નાઈરોબીમાં ધર્મ માંગલ્યનો દીપક પ્રગટયો અને પ્રકાશ પથરાયો છે. વિમાન આવ્યું અને હજારો આતુર હૈયાઓએ પૂ. ગુરુદેવને જયઘોષથી વધાવ્યા હતા અને ધર્મ પિપાસુ હૃદયો આનંદ ઊર્મિઓથી નાચી ઉઠયા હતા.

આજે શ્રી જૈન દેરાવાસી સંઘ તથા અનેક સંઘો, જૈન અને જૈનેતરની ભાવના સાકાર પામી છે. પૂજય મુનિશ્રીનું વિમાન કયારે ઉતરે અને દર્શન થાય તે માટે ટગર ટગર મીટ માંડી રહયા હતા, આંખોમાં દર્શનની દ્રષ્ટિ અને હૃદયમાં સ્વાગતનો ઉલ્લાસ હતો, આજ સુધીમાં Airport પર ધર્મપ્રણેતાના સ્વાગત માટે કેન્યા ગવર્નમેન્ટના પ્રધાન Mubi Koinange આવ્યા હોય તેવું કદાપી બન્યું નથી અને આ બન્યું તેથી અમારા અત્રેના રહેવાસીઓનું વિશેષ ધ્યાન ત્યાં ખેંચાતું હતું અને મનમાં ગૌરવ હતો, આ એક હકિકત છે. આવું સ્વાગત દ્રષ્ય જોતાં ઘણાંઓની આંખમાં હર્ષના અશ્રુ વહયા હતા અને અંદર અંદર કહેતાં હતાં કે ઘણા પ્રસંગો જોયા પણ આ ભાવનો ઉમળકો કદી અનુભવ્યો નથી, કારણ કે કેન્યામાં પ્રથમજ રાજયદ્વારી ક્ષેત્ર તરફથી અમારા પૂ. મુનિશ્રીને આવકાર્યા છે, પૂ. શ્રીએ પ્રધાનને ભારત સાથેના સંબંધોની યાદ આપી હતી. અને પ્રધાને જૈનધર્મના સિદ્ધાંતો વિષે વધુ જાણવા ભાવના વ્યકત કરી હતી. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી હજારો માનવમેદનીને દર્શન આપતા આપતા શ્રી જૈનમંદિરે દર્શન, ચૈત્યવંદન કરી ઉતારે લઈ જવામાં આવ્યા હતા.

ત્યારબાદ દસ વાગે શ્રી વીસા ઓસવાળ મહાજનવાડીમાં પૂ. મુનિશ્રીનો સત્કાર સમારંભ યોજયો હતો, તેમાં સામૈયું, ગહુલીઓ વગેરે હતું, પણ નવ વાગ્યાથી હજારો ભાઈબ્હેનો, યુવાન અને યુવતિઓ શિસ્ત પૂર્વક ઉમટી આવ્યા હતાં, સ્વાગત થયા બાદ નાઈરોબી જ્ઞાતિના પ્રમુખશ્રી કાન્તીભાઈ નરશી શાહે મુનિશ્રીને હાર્દિક આવકાર આપતું પ્રવચન કર્યું હતું.

“આ ઐતિહાસીક પ્રસંગ અહીં વસતા

હજારો જૈનોની અંતરની ઊર્મિઓનું આશાનું એક પ્રતિક છે, અને અમો અહીં વસતા જૈનો જે દસ દસ દસકાઓથી આજની ઘડીની તિતીક્ષા કરતા હતા, તેનું સાકાર દર્શન કરી ભાગ્યનો ઉદય થયો હોય તેવું અનુભવીએ છીએ.

મોમ્બાસાના શ્રી સંઘના પ્રમુખ શ્રી જુઠાલાલભાઇ અને અન્ય હજારો આગેવાનોએ પૂ. શ્રીનું સ્વાગત કરતાં કરતાં તેઓ શ્રીના જીવન કવન વિષે પ્રકાશ પાડયો હતો. આજે દસથી પંદર હજારની માનવમેદની ઉત્સુકતાથી અને ઉમળકાથી પૂ. શ્રીના પ્રવચનને શ્રવણ કરવા આતુર બની રહી છે, છતાં પણ થોડું બોલવા સમય માંગું છું.

સાચા ક્રાંતિકાર અને સત્યના માર્ગના પથિકથી સમાજ ખળભળી ઉઠે એ સ્વાભાવિક છે, તેમ છતાં એ માથે પ્રહારોની ઝડી વરસે છે છતાં એ સમભાવ પૂર્વક પોતાના લક્ષ્ય તરફ પ્રયાણ કરી રહયા છે તેજ ખરા સાધુ છે. આપ સૌ પૂ. શ્રીને શ્રવણ કરવા આતુર છો તે હું જાણું છું, વધુમાં હજારો માણસો અંદર છો અને બહાર ૧૨૦૦ થી ૧૫૦૦ ગાડીઓએ રસ્તો બન્ને બાજુએ રોકી રાખ્યો છે.

પૂ. મુનિશ્રીએ અનોખી લાક્ષણિક શૈલીમાં મંગલ પ્રવચન કરતાં દરેક આત્મામાં રહેલું સત્વ અને સત્યનો આવિષ્કાર કરી જીવનનું સાચું દર્શન મેળવી, આત્મશુદ્ધિ દ્વારા આત્મશાંતિ મેળવવા પ્રેરણા કરી હતી અને જનતાએ હર્ષનાદોથી વધાવ્યા હતા. આજથી સવાર અને સાંજના બે પ્રવચનો નિયમિત થશે.

પ્રમુખ શ્રી કાંન્તીભાઇએ પ્રવચન કર્યું તે આ છે. આફ્રિકામાં વસતી જૈન જનતા આજે તો એ અનુભવે છે કે ઘણા ઘણા વર્ષો પછી અમારા દિલ અને દિમાગના તાર ઝણઝણી ઉઠયા છે. અમારા અંતરમાં એમની વાણીએ અમરતાનો આહલેક જગાવી દીધો છે, આ વિભુતીએ અમારી ધરતીને પાવન કરી છે, બે દસકાના સતત્ પ્રયાસ પછી વર્ષોથી સેવાએલી ઝંખના ફળીભૂત થઇ ગઈ છે.

આ યુગના પરિવર્તનને પીછાણી ભારતીય અને જૈન સંસ્કૃતિ અને ધર્મના પિયુષ પાવા પૂજ્ય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) પધાર્યા ત્યારે આફ્રિકાની ધરતી તો પાવન થઇ પણ દસ દસ માઇલ સુધી રસ્તા પર બન્ને બાજુએ માનવમેદની દર્શન કરવા જે આતુરથી ઉભી હતી તે જોઈ મારૂ હૃદય હર્ષથી પુલકિત બની જતું હતું. આજે મહાજનવાડીમાં હજારોની સંખ્યાને પૂ. મુનિશ્રીએ પોતાનું પ્રવચન સંભળાવ્યું ત્યારે આતુર હૃદય ભર્યા શ્રોતાઓ જાણે પ્રેરણા અને ચેતના ભર્યા પ્રવચનથી હૃદયે હૃદયે એ શબ્દોને અંદર કોતરીને ભરી રહ્યા હતા. ભગવાન મહાવીરનો સંદેશો જ્યારે પૂ. શ્રીએ પ્રવચનમાં કહયો ત્યારે ચારે તરફ પવિત્ર અને આધ્યાત્મિક દર્શન કરાવતો હતો. વધુમાં હવે તો આ ધરતી પર પૂ. મુનિશ્રી ફકત જૈનોના નહી પણ સમગ્ર જનતાના ભાવોથી વંદનીય બની ગયા છે. ઈતિહાસના ભીતરમાં ડોકીયું કરતાં શ્રી કાન્તિભાઈએ કહયું કે સ્પષ્ટપણે હવે સમજાશે કે આફ્રિકાની ધરતી પર તમામ પ્રજા માટે આ પહેલો જ પૂનિત પ્રસંગ છે અને આ પ્રસંગ નાઈરોબી પાટનગરમાં શ્રી જૈન દેરાવાસીસંઘનાં મા. પ્રમુખ શ્રી જુઠાલાલભાઈ, મા. મંત્રી શ્રી કેશવજીભાઈ, મા. ઉપપ્રમુખ શ્રી દલીચંદભાઇ, મા. સહમંત્રી શ્રી શામજીભાઇ, શ્રી સંઘના ટ્રસ્ટી શ્રી મેઘજીભાઈ ધનાણી તેમજ વીસા ઓશવાળ જ્ઞાતીના

તમામ સભ્યો વગેરે સૌએ સ્વાગત કર્યું હતું. અને એથી વધુ પ્રશંસીય પ્રસંગ તો એ હતો કે આવી જાહેર સભામાં અશ્રુભિની આંખોએ, કેટલાએ યુવાનોએ મદ્યપાન તથા અભક્ષ ખોરાક ન ખાવાની પ્રતિજ્ઞાઓ કરી હતી. કારણ કે પૂ. શ્રીના રામબાણ પ્રવચનો માનવી માત્રને જાગૃત કરી દે તેવા છે અને એ કારણે આજે યુવાન વર્ગ પૂ. શ્રીના દર્શન અને પ્રવચનથી મુગ્ધ બનતો જાય છે.

---

## શ્રી ડીવાઈન નોલેજ સોસાયટીના કાર્યકર્તાઓ

શ્રી પ્રવિણભાઈ જે. શાહ આજે (વીસા ઓસવાલ સંઘ નાઈરોબીના ઓનરરી સેક્રેટરી છે,) તેમને આ પત્ર લખ્યો છે.

પૂ. મુનિશ્રી ચિત્રભાનુજી જ્યારે આફ્રિકાની ધરતી પર વિમાનના પગથિયા ઉપરથી નીચે પધારતા હતા ત્યારે પૂર્વમાંથી જેમ સૂર્ય ઘેરા વાદળોને દૂર દૂર હટાવી પોતાનો પ્રકાશ ધરતી પર પાથરે છે, તેમ પૂર્વમાંથી પૂ. મુનિશ્રી પણ એવો પ્રકાશ લઈને પધાર્યા છે કે જેથી અમારા જેવાં ઘણા ઘણા આત્માઓ જે દુઃખોના અંધકારમાં છે તેમને આ અંધકારમાંથી બહાર લાવશે.

હજારોની મેદનીમાં અમારા સંઘે પૂ. શ્રીના દર્શન કરી, જે અંતરના ઉંડાણમાંથી, હૃદયના ભાવોને વ્યકત કરતું સંગીત અને તેની સાથે હૃદયમાં સુખની અનુભુતિનું સ્પંદન કર્યું, તેનું વર્ણન કરવા કલમ અશકય બની જાય છે, પણ જેને એ માણ્યું હશે, તે સુખની પરાકાષ્ટાની પળો હશે. તેઓ લખે છે કે પૂ. મુનિશ્રીનું આવાગમન એ એક ભાવી પેઢીને માટે ઐતિહાસિક શુભ પ્રસંગ આલેખાશે, તેમનો પત્ર અંગ્રેજીમાં છે.

It is a historic moment that a Jain Muni heard the "Vibration of Disire" of thousands of Jains in East Africa and visited this part of the world.

ત્યારબાદ લખે છે કે, હજારો માણસોની સમક્ષ પૂ. શ્રીએ પ્રવચન કર્યું હતું, તે શ્રવણ કરતાં હજારો શ્રોતાઓના મસ્તક નમી પડતા હતા. અને મનમાં વિચારતા હતા કે આ ત્યાગી સંતે પોતાના પ્રત્યેક ભૌતિક સાધનો, સંસારના સુખોને ફેંકી દીધા છે છતાં પણ આજે વિશ્વના દરેક મુશ્કેલીઓ ભર્યા કોયડાઓ અને પ્રસંગો છે, તેની વચ્ચે આજના યુવાનો અને યુવતિઓનાવિચારો, વર્તન અને વાતાવરણનો સુમેળ નથી, તેઓની આસપાસ વાતાવરણના ઘણા પ્રલોભનો છે, વિધ વિધ પ્રકારના બંધનો છે. ભૂતકાળ માટે તેમને સમભાવ છે, પૂજયભાવ પણ છે, પરંતુ વર્તમાનના વિચારોથી અનુરૂપ થવાતુ નથી, ચાલુ ચીલામાં તેમનો ગજ નથી, તેથી આવા સમયે "ઉપરવાળાએ" અમારી પ્રાર્થના સાંભળી અને પૂ. શ્રી પધાર્યા અને ધર્મ, જ્ઞાન અને આ યુગને સમજણદ્વારા સુમેળ, સંપ અને ઐકયતા એક બીજા પ્રત્યે કેમ વધે તે પ્રયત્ન કરી રહયા છે. હજારોની મેદનીમાં એવું pin-drop silence, never before we have experienced such large attentive gathering અહીંના શ્રોતાઓનો આનંદ વ્યકત કરી શકાય તેમ નથી, પણ અહીંની શુભભાવનાની હવા ઉડતી ઉડતી ત્યાં સૌના હૈયે આવતી જશેજ, એક એક ગામમાં દસથી બાર હજાર Asian ની વસતીમાં આઠથી દસ હજારની માનવમેદની

દરેક પ્રવચનમાં આતુરતાથી શ્રવણ કરશે તે વાત તેઓ શ્રીના પધારવા પહેલા વિચારી શકાતી ન હતી, કારણ કે આજ સુધીમાં અનેક સંપ્રદાયોના ધર્મગુરુઓ પધાર્યા તો પણ આવું દ્રશ્ય જોયું નથી. પણ આજે સાક્ષાત દ્રષ્ટિએ અનુભવીએ છીએ, અહીંઆ જન્મથીજ રહેલા ઘણા ઘણા આત્માઓએ જૈન સાધુના દર્શન જ કર્યા નથી. તેમના નયનોમાં આનંદના આશ્રુઓ અને હૃદયમાં ઉમળકા જોઈએ છીએ પણ વર્ણન અશકય છે. આટલા પ્રવચનોના શ્રવણથી તૃપ્તિ તથી વળતી તેથી ઉપાશ્રયમાં નવથી દશ પ્રશ્નોત્તરી પૂછવાની રજા આપવામાં આવેલ છે. એ લોકો કહે છે કે અમારા જીવન દરમિયાન પ્રશ્નોના ઉત્તરોજ અમને મળ્યા નથી તેથી આ મુખેથી ઉત્તરો મેળવતા પોતાની જાતને ધન્યવાન માને છે.

## દારેસલામમાં ભવ્ય સ્વાગત

### દારેસલામમાં જૈનસંઘનો સંદેશો

પૂ. શ્રી ચિત્રભાનુજી મહારાજ તા. ૧૪ મી એ મોમ્બાસાથી સીધા ચાર્ટર પ્લેઇનમાં ટાંગાને એક કલાકનો પ્રવચનનો લાભ આપી અમારાં ભાગ્યના દ્વાર ખોલવા દારેસલામ પહોંચ્યાં હતા. મોમ્બાસા છોડયું ત્યારે જૈનો એકલા નહી પણ AFRICAN LEADERS વિદાય આપવા આવ્યા હતા.

અત્રેનો સંઘ આપનું ભાવભર્યું સ્વાગત કરતાં જણાવે છે કે અમારા જીવનનું એક નવું પ્રભાત ઊગ્યું છે. આજે અમારા પ્રાંગણમાં માનવ માત્ર પત્યે સમદ્રષ્ટિ રાખનાર દુનિયાના મહંત પધાર્યા છે. આપના અણુ અણુમાં સૌને શાંતિ પમાડવાની તમન્ના છે માનવ માનવ વચ્ચે સંગઠ્ઠન અને પ્રેમનું જોડાણ કરવાની ભાવના છે. કરુણાનો ધોધ વહાવવો એજ એઓશ્રીનું કર્મ છે.

આવા મહામુનિશ્રીને નમી નમી અમો આપનું સ્વાગત કરીએ છીએ. સ્વાગત બાદ પૂ. શ્રીએ પ્રવચનનો પ્રારંભ કર્યો હતો. પ્રવચનમાં ત્યાંના આપણા ઈન્ડીયન હાઇ-કમિશનર અને તેમના ધર્મપત્ની અને હજારો માનવો હાજર હતા. ઇન્ડીઅન હાઇ-કમિશનર મી. મહેતાએ પૂજ્યશ્રી સાથે એક કલાક વાર્તાલાપ કર્યો હતો.

## મોશીનું મહાભાગ્ય

આ યુગના પરિવર્તનોને પિછાણી ભારતીય સંસ્કૃતિના પિયુષ પાવા પુજ્ય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ) અમારી ધરતીના આગમનને મોશીની જનતા સહર્ષ સત્કારે છે.

ભારતના જૈનોના ઇતિહાસમાં જૈન સાધુની પ્રણાલિકામાં હજારો વર્ષમાં જે સાહસ કોઈ જૈન મુનિમહારાજે ન કર્યું હોય તેવુ ઉજ્જવળ ઉદાહરણ તેઓશ્રીના આગમનથી જૈન સમાજમાં નોંધાશે, તેઓશ્રીનું ૧૭-૭-૭૧ મોશી એરપોર્ટ ઉપર આગમન થયું, ત્યાંથી ગીતા હોલમાં પધરામણી અને સ્વાગત થયું. રાત્રે ગીતા હોલમાં જાહેર પ્રવચન હતું, તા. ૧૮ મીએ પણ અમને લાભ પ્રવચનનો મળશે, તેથી ઘણો હર્ષ થાય છે, મોમ્બાસા દેરાવાસી જૈન શ્વેતાંબર સંઘે આજની East Africaની પરિસ્થિતિને ખ્યાલમાં રાખી આપશ્રીનું અત્રે આગમન કરાવ્યું અને અમો સૌને આપશ્રીના દર્શન કરાવ્યા તે બદલ હું સંઘનો આભાર માનું છું.

મોશી જેવા નાના ગામની, જનતાની હૃદય-પૂર્વકની ભાવના નીહાળી પૂ. ગુરુદેવે દર્શન આપ્યા, અને બે દિવસમાં જે પ્રવચનો કર્યાં તેમાં આપણામાં જાગૃતિ તથા હીંમત ખીલવી તે ખરેખર આપણા અહોભાગ્ય છે.

આપણા સૌ તરફથી પૂ. મુનિશ્રી માટે ભાવના સિવાય બીજા કોઇ શબ્દો નથી, એટલે પ્રભુ પાસે તેમની તંદુરસ્તી માટે પ્રાર્થના કરૂં છું, અને આપણને સૌને તેમના આશીર્વાદ ઝીલવા પચાવવા શકિત આપે.

લિ. વિશા ઓશવાળ જ્ઞાતિ; મોશી

---

## સંતના પાદ પંકજથી મોમ્બાસાની ધરતી પાવન બની

મા. મંત્રીશ્રી કેશવજીભાઇ શાહ જણાવે છે કે તા. ૬-૭-૭૧ના મંગલ પ્રભાતે અમારા મોમ્બાસાના સંઘમાં અદ્દભુત ઉત્સાહ હતો સાંજના ચાર વાગે પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) પધારશે તેની આતુરતાથીજ લોકોના હૈયા ઉત્સાહથી છલકી રહ્યાં હતાં, ચાર વાગ્યા પહેલાથીજ લોકોના ટોળેટોળાં હવાઈ મથક પર ઉમટયા હતાં, ૪–૨૫ મોમ્બાસા હવાઈમથકે વિમાન ઉતર્યું, તેનુ વર્ણન લખવું અશકય છે. સૌથી પ્રથમ શ્રી સંઘના પ્રમુખે વંદના સાથે મોમ્બાસા નગરપાલિકાના મેયર શ્રી બીટી પારકરની ઓળખાણ વિધી કરાવી હતી, તે વખતે શ્રી સંઘની કાર્યવાહી સિમિતિના સભ્યો, દરેક હિન્દી સંસ્થાના પ્રમુખશ્રીઓ તથા મંત્રીઓની પણ ઓળખાણ થઇ હતી.

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રીને ત્યાંથી ઉપાશ્રયમાં લઇ જવામાં આવ્યા હતા, કારણુ કે ઉપાશ્રય તથા દેરાસરજીના ચોગાનમાં વિશાળ માનવમેદની પૂજ્યશ્રીના આગમનની ચાતક જેમ વર્ષાની રાહ જુએ એ રીતે આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા. દરેક સંસ્થાના બાળકો ઉપાશ્રયના દ્વાર આગળ Guard of Honour આપી સ્વાગત કર્યું હતું, ત્યાંથી પૂ. શ્રી સંઘના અગ્રણીઓ તેમજ સમુદાય સાથે જીનમંદિરમાં પધાર્યા હતા, ત્યાર પછી જનમેદનીના હજારો વંદન સ્વીકારતાં સ્વીકારતાં ઉપાશ્રયના હોલમાં યોજવામાં આવેલ વિશિષ્ટ સત્કાર સમારંભમાં પધાર્યા હતા. ત્યારે સંઘની બહેનોની ગહુલી શ્રી સંઘના ટ્રસ્ટી શ્રી કરશનદાસ શેઠ રચીત સ્વાગતથી બાળાઓએ પોતાની ઊર્મિભરી અંજલિ આપી હતી.

પૂ. મુનિશ્રીનું સ્વાગત શ્રી સંઘના પ્રમુખ શ્રી જુઠાલાલભાઇએ કર્યું તે આ છે. સંકુચીતતાનો ત્યાગ કરી પૂજ્યશ્રીએ અપનાવેલ ક્રાંતિકારી માર્ગ, જૈન ધર્મના પ્રાણુસમા અહિંસા અને અનેકાંત જેવા ઉદાત સિદ્ધાંતોનો પ્રચાર કરવાની જે હિંમતભરી પહેલ કરી તે માટે પૂ. શ્રીને અંજલી આપીએ છીએ. પૂ. શ્રી પ્રેરીત ધર્મ માંગલ્યને જીવનમાં ઉતારવાની અપીલ કરી હતી.

શ્રી સંઘના મા. મંત્રીશ્રી કેશવજીભાઇ શાહે મુનિશ્રીના જીવનનો ટૂંકો પણ સચોટ પરિચય આપતા, વર્તમાન સમાજમાં પ્રવર્તતિ અસ્થિરતા, અસંતોષ અને ભૌતિક વાતાવરણમાં પૂ. મુનિશ્રીના ઉપકારક ઉપદેશનો સાર ગ્રહણ કરી પોતાનામાં રહેલી શકિતઓનો વિકાસ કરવા કહ્યું હતું. પૂ. મુનિશ્રીના પ્રવચનો દેરાસરજીના-ચોગાનમાં યોજવામાં આવ્યો છે.

તા. ૯-૭-૭૧ના રોજ વીસા ઓશવાલ મહાજન વાડીમાં શ્રી ભારતીય સ્વયંસેવક સંઘ

તરફથી પ્રવચન યોજ્યું હતું. તા. ૧૦મીએ એજ સ્થળે વીસા ઓશવાળ જ્ઞાતિ તરફથી અને તા. ૧૧ મીએ શ્રી સ્થાનકવાસી જૈન સંઘ તરફથી નવનાત મહાજનવાડીમાં પ્રવચન હતું. તા. ૧૨ મીએ હિંદુ યુનીયન તરફથી શંકરના મંદિરમાં અને તા. ૧૩ મીએ તથા તા. ૧૪ મીએ રોટરી કલબ મોમ્બાસા તરફથી પૂ. શ્રીનાં પ્રવચનો યોજાયા હતા., અને અરવિંદો સોસાયટીને લાભ અપાયો હતો. મોમ્બાસાના નિવાસ દરમિયાન સમગ્ર હિન્દી પ્રજાએ પૂ. શ્રીના પ્રવચનોનો ખૂબજ ઉત્સાહ પૂર્વક લાભ અને ભાગ લીધો હતો એટલું જ નહીં પરંતુ તેઓશ્રીના ઉપકારક માર્ગ દર્શનથી તેઓશ્રીની ઋણી બની છે અને ફરી ફરીને અમારા જીવનમાં આવો અવસર સાંપડો તેવી દરેકની ભાવના છે, હવે પૂ. મુનિશ્રી ટાંગા, દારેસલામ, મોશી અરૂષાની જનતાને લાભ આપી પાછા તા. ૧૬-૯-૭૧ મોમ્બાસા પર્યુષણપર્વની આરાધના કરાવવા પધારશે. પર્યુષણમાં તેઓશ્રી કલ્પશુત્ર તેમજ ગણધરવાદ વગેરે વિષયો પર વ્યાખ્યાન કરશે.

લિ. કેશવજીભાઈ રૂપશી શાહ

---

## શ્રી હિન્દુ યુનીયનના પ્રમુખના બે શબ્દો

મોશીની હિન્દુ જનતાની સર્વોપરી સંસ્થાના પ્રેસીડન્ટ–શ્રી હિન્દુ યુનીયનને આપના પુનિત પગલાંની આ દેશમાં પધરામણી થઇ તેને સહર્ષ આવકારે છે.

આપે જૈન ધર્મ એકલો નહી પણ સમગ્ર હિન્દુ સનાતન ધર્મની આગેવાની સંભાળી, સુકાની બનીને જે World Religion Conference U. S. A, માં પધારવાનું નકકી કર્યું તે માટે યુનીયન પ્રાર્થના અને સફળતા ઇચ્છે છે. આપે બે દિવસ જે પ્રવચનો આપેલ તેનું શ્રવણ કર્યું છે તો જરૂર અમો અમારા જીવનની થોડી વધુ પ્રગતિ કરી શકીશું.

આપની સમક્ષ વિરોધનો વંટોળ હોવા છતાં, આપે જે પરિશ્રમ વેઠી આફ્રિકા પધાર્યા અને અમારા મોશી જેવા નાના ગામને પણ ભૂલી શકયા નહી, વધુમાં આપના પ્રવચનથી અમારામાં જે જ્ઞાનનું સિંચન કર્યું છે તે માટે ખુબ રુણી છીએ.

અમો ભાઇઓ અને બ્હેનો અંતઃકરણ પૂર્વક વિનંતી કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે જો આપને અમારા આ મોશી ગામ માટે થોડો વધુ સમય બીજી વખત અવશ્ય પધારીને આપો, જો પધારશો તો અમને કૃતાર્થ કરશો.

અમો સૌ આપની તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ, અમે ધાર્મિક ક્ષેત્રે જનતાને જ્ઞાનના વારો સીંચવા પ્રભુ આપને સદા સંપૂર્ણ શકિત બક્ષે એ જ અભ્યર્થના.

લિ. બાબુભાઇ ખંભાયતા

---

## અરૂશાના આંગણે અરુણોદય

અરૂશાના આંગણે પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનું) નું અહીં આગમન અહીંની સમગ્ર જનતા માટે આનંદ અને ગૌરવ દિન સમાન છે.

જૈન ધર્મનાં પ્રચાર માટે આજના વૈજ્ઞાનિક યુગમાં તત્ત્વ ચિંતક, જૈન ધર્મ તેમજ હિંદુ

સંસ્કૃતિના વિશ્વ વિખ્યાત અને વ્યાખ્યાતા પૂ. મુનિશ્રીની ચાર વાગે અરૂશાની ભૂમિ પર પધરામણી છે.

આજના યુગમાં આવા પ્રખર મુનિ મહારાજે પરદેશ વિચરવુંજ જોઇએ, અને સત્ય અહિંસા અને અનેકાંતવાદના સિદ્ધાંતોનો પ્રચાર વિશ્વના ખૂણે ખૂણે જગતના અન્યધર્મના પ્રચારકોની માફક પ્રભુ મહાવીરનો સંદેશો ગુંજતો કરવો જોઇએ, એવું દ્રઢપણે અમો માનીએ છીએ.

પુ. શ્રીનું આ દેશમાં પધારવું એ અહીં પૂર્વ આફ્રિકામાં વસતા પચીસથી ત્રીસ હજાર જૈનો અને અન્ય જૈનેતરો માટે તેમજ ભવિષ્યની પ્રજા માટે આશીર્વાદરૂપ બનશે, તે એક નીર્વિવાદ વાત છે, તેઓશ્રીના જ્ઞાનનો પ્રકાશ એટલે જૈન ધર્મનોપ્રકાશ અત્રે વસતા જૈન અને જૈનેતરોમાં જરૂર પરિવર્તન લાવશે.

તા. ૧૮–૭–૭૧ રાત્રે શ્રી હિન્દુ યુનીયન હોલમાં પૂ. શ્રીનું પ્રવચન છે, સર્વેને આ સોનેરી તકનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

અરૂશાની હિન્દુ જનતા ઉમળકાભેર સ્વાગત કરે છે. મુનિશ્રીનો સંદેશ જીવન માંગલ્યનો છે; તેમની સાધુતા સમન્વય ધર્મી છે, ધાર્મિકતા કર્તવ્ય પરાયણ છે અને જીવનની પ્રત્યેક પળોને એ સાધકના શહુરથી વધાવે છે.

મુનિશ્રીએ જૈન શાસ્ત્રો અને કેટલાં એ ગ્રંથરત્નોનું ઊંડું અવગાહન કર્યું છે, તત્ત્વજ્ઞાન અને ચિંતનથી આત્મદર્શન મેળવ્યું છે. સૌરાષ્ટ્ર, ગુજરાત તેમજ ભારત અને વિશ્વના અન્ય ભાગોના નાના મોટા ગામોનો વિહાર કરી તેમણે જનતાને જગાડવામાં માંગલ્યની બોધપ્રદ વાતો અને યુવાન હૃદયોને નવી દ્રષ્ટિ અને જીવનના મૂલ્યો સમજાવ્યા છે, અમો ફરીથી વિનંતી કરીએ છીએ અમારા અરૂશાની જનતાને આપનો ખૂબ લાભ આપો એજ પ્રાર્થના છે.

લિ. શ્રી હિન્દુ યુનીયન અરૂશા

શ્રી વીસા ઓસવાળ જ્ઞાતિ અરૂશા.

## થીકાના સંગઠનને ધન્યવાદ

થીકાથી શ્રી સંઘના અગ્રગણ્ય શ્રી ભારમલભાઈ જણાવે છે કે પૂ. શ્રી નાઈરોબીમાં સાંજે T. V. ઉપર પ્રેસ ઇન્ટરવ્યુ થયો અને Television ઉપર ત્રીસ મિનિટ બતલાવવામાં આવ્યો હતો હવે (Voice of Kenya) તરફથી ટેલીવીઝન પર પૂ. શ્રીનું પ્રવચન ઇન્ગલીશમાં ગોઠવેલ છે, સમયની બહુજ મર્યાદા છે છતાં પણ પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ મહારાજશ્રી) તા. ૨૧–૭–૭૧ અમારા Thika ગામને પાવન કરવા પધારવાનુ જાણી ખૂબ આનંદ અનુભવીએ છીએ. પૂ. શ્રીના પધારવા માટે ખૂબ શાનદાર સ્વાગત કરતાં અમારા હજારો ભાઈ–બ્હેનો હર્ષથી ઘેલા બન્યા છે. દેરાસરમાં ચૈત્ય વંદન સાંભળતાં સૌના હૃદયમાં અલૌકિક ભાવના પેદા થઈ છે, ત્યાંથી Nyeri (નાયેરી) ગામમાં પૂ. શ્રી ચાલીશ મોટરો સાથે પધાર્યા હતા, નાયેરીના સીમાડે લોકો ટગર મીટ માંડી રાહ જોતા ઊભા હતા. વાજતે ગાજતે પોલીસ સાયકલીસ્ટો સાથે પૂ. શ્રીની પધરામણી થાય છે ત્યાં ત્યાં શાસન દેવનો જય જયકાર થઈ જાય છે, અમારી આફ્રિકાની ઘેલી થએલી પ્રજાના દીલમાં પૂ. મહારાજશ્રીનો ખૂબજ પ્રભાવ છે. પૂ. શ્રી જે જે ગામમાં પગલાં કરે છે ત્યાં ત્યાં

સર્વ ધંધાદારી જૈન ભાઇઓ દુકાનો બંધ રાખે છે.

આજે અમારૂં East Africa જૈનો માટે યાત્રાધામ બન્યું છે, અહીંનું વાતાવરણ અનોખી આનંદની અનુભુતિ દર્શાવે છે, અને આજથીજ અમારા આફ્રિકામાં જૈન ધર્મની શરૂઆત થઇ દેખાય છે. A New Chapter of Jainizm in East Africa આ ઐતિહાસિક બીના છે. પૂ. શ્રીના બે પ્રવચનો સાંભળી અમને એ આનંદ વ્યકત કરવા શબ્દો નથી, અત્રેથી પૂ. શ્રી નાઇરોબી પધારશે કારણ કે ત્યાં તા. ૨૬ જુલાઇ માટે ભરચક કાર્યક્રમ યોજાયો છે.

તા. ૨૫–૭–૭૧

Oshwal Boy's Secondary School Annual Parents' Day.

Managed by Oshwal Education and Relief Board.

અમારા આ ક્ષેત્રમાં તો આપશ્રી જેવાની પધરામણીની ઘણી ઘણી જરૂરીઆત છે, આ યુવાન વર્ગને આજે આવા જ્ઞાની અને માર્ગ ચિંધનાર, સાથે સાથે પ્રેમથી બોધ પમાડનાર વ્યકિત વીના ચાલે તેમ નથી.

આપે આ યુવાન વર્ગને પ્રવચનમાં સંસ્કારનું સિંચન કર્યું ત્યારે અમારૂં હૃદય નમન કરતાં કરતાં આભાર વ્યકત કરે છે.

પ્રિન્સિપાલ એચ. સી. જાની

# પૂ. ગુરુદેવનો જન્મોત્સવ

તા. ૨૬ જુલાઈ '૭૧ના મંગળ પ્રભાતે નાયરોબી શહેરમાં તો ઠેર ઠેર વાજીંત્રો અને શરણાઈઓના શુર ગૂંજી રહ્યા હતા, વૃદ્ધ બાળ અને યુવાન–યુવતિઓ આજનો આ શુભ દિન પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)નો જન્મોત્સવ ઉજવવા, મનાવવા ઉત્સુક બની ગયા હતા. ઘણા સગાઓની વર્ષગાંઠો ઉજવી, પણ તેતો એક પ્રણાલીકા હતી, ત્યારે આજે આવા ધર્મગુરુનો ૫૦ માં વર્ષના પ્રવેશમાં શુભ દિવસ આપણા આફ્રિકાના દેશમાં માણવાનો લ્હાવો મળ્યો તે એક અહોભાગ્યનું દર્શન કરવાનો પ્રસંગ સાંપડયો છે તેમ માનતા હતા. આખો દિવસ પ્રવચનો, સ્વાગતો, સ્નાત્ર પુજા વરઘોડો અને આનંદ મંગળ ઘેર ઘેર છવાઈ રહ્યો હતો, ત્યાંના અગ્રગણ્ય આગેવાન શ્રી મગનભાઈ ડોશીને ત્યાં નવકારસીનો લાભ આપ્યો ત્યારે સેંકડો માણસો સાથે પધાર્યા અને તેઓશ્રીના પત્નીએ આ શુભ દિનની ખુસાલીમાં રૂા. દસહજારનું દાન પરમાર ક્ષત્રિયના લાભાર્થે બડોલીમાં મોકલાવવાનું જાહેર કર્યું હતું. આવી રીતે બીજા ઘણા ભાઈ બ્હેનોને આ દિનની શુભ ભાવનાઓ માટે લહાણી, વાસણો, પુસ્તકો, અને ગરીબોને દાન કર્યાં હતાં. ત્યારબાદ પૂ. શ્રીના ૫૦ માં જન્મદિને વીસા ઓસવલાલ જ્ઞાતિના પ્રમુખશ્રી કાન્તીભાઇ નરશી શાહે પ્રવચન કર્યું હતું.

સૌથી પ્રથમ આજે નાઈરોબીની જૈન અને જૈનેતર ભાઈ બ્હેનો તરફથી અંતરના અગાધ ઉંડાણથી ૫૦ માં જન્મદિને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના અને લાખો વંદન કરૂં છું. પૂ. શ્રી આપશ્રીને આપની પ્રશંસા પસંદ નથી એ હકિકતથી હું વાકેફ છું. આજે અમને પૂ. શ્રીના જન્મ દિવસ અંગે હિન્દુસ્તાન તથા ઘણા શહેરોના તાર મળ્યા છે. સૌની એકજ પ્રાર્થના છે કે પૂ. શ્રીને દીર્ઘ આયુષ્ય બક્ષો. અને એટલેજ અત્યારે જે કંઇ કહીશ એમાં વધુમા વધુ સંયમ જાળવવાની કોશીષ કરીશ.

આપ અહીં પધાર્યા એના પ્રથમજ દિવસે અમોએ અમારી ઝંખના, અમારી તલપ, અમારી તરસ અને હૃદયના ઊંડે ઊંડે હલચલ મચાવી રહેલા ઝંઝાવાતો આપની સમક્ષ રજુ કર્યા હતા, અને અમને માર્ગ ચીંધવા અમારા જીવન સફરમાં પ્રકાશ પાથરવા, અને જૈન ધર્મના સાચા અનુયાયીઓ થવા પ્રેરણા આપવા આપને પ્રાર્થના કરી હતી.

અહીંના અમારા ૭૫ વર્ષના વસવાટ દરમ્યાન અમારી આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની ભૂખ હરહંમેશ અધૂરી જ રહી છે. આ દેશના અનુકુળ સંજોગો અને નિષ્ઠાપૂર્વક મહેનતને પરિણામે આર્થિક દૃષ્ટિએ જૈનોનો મોટો વર્ગ સમૃદ્ધ છે, પણ બહારથી રહેલી એ સભ્યતા, ભીતરમાં રહેલી જડતાને ઢાંકવાના પગલા માંડી રહ્યો છે અને હવે અમારા રોજના આચાર અને વિચારમાં એનો પડઘો પડયા વિના રહેતો નથી.

આપે આ આફ્રિકાની ધરતી પર પધારી છેલ્લા કેટલાએ દિવસોથી જ્ઞાનના પ્રકાશનો પુંજ વહેવડાવી અમારા કઠોર હૈયાઓને જે કુણાશ, ભીંજાશ અર્પી છે એથી પ્રભુવીરે ચીંધેલા માર્ગે ફૂલ નહી તો ફૂલની પાંખડીની જેમ પ્રયાણ કરી શકીએ એવી અભિલાષા છે.

પૂજ્ય મુનિશ્રી આપે દષ્ટિ કરી છે, તે પ્રમાણે અમે અત્રે ઘણી શાળાઓ, હોસ્ટેલો વગેરે ચલાવીએ છીએ, પણ આની પાછળ મુખ્ય ધર્મ અંગેની વ્યવસ્થિત કેળવણીના અભાવે, સાચા માર્ગ દર્શનના અભાવે, અમારી સમજ અને સાધનાના અભાવે અમોએ ધર્મ ક્ષેત્રે કંઇક પીછે હઠ કરી છે, એવો ભાસ થયા કરે છે.

આપના આગમનથી અમારા દ્રષ્ટિકોણો બદલાયા છે.

અહીંઆ આજે સેંકડો ભાઈ બ્હેનોએ પૂ. શ્રીના જન્મ દિવસ નિમિત્તે સંકલ્પ લીધા હતા, ઘણા યુવાનોએ સીગારેટ, માંસ અને મદીરાના સંકલ્પ કરી. પૂ. શ્રીને અર્પણતા કરી હતી.

અમને નવી દ્રષ્ટિ મળી છે, અને હવે બહુજ નજીકના ભવિષ્યમાં ભવ્ય ભાવનાવાળું દેરાસર બંધાવવાની સક્રિય વિચારણા થઇ રહી છે, મને સંપૂર્ણ આશા છે કે આપના આશીર્વાદથી અમો આ મહાન અને પુનિત કાર્યમાં સફળતા મેળવી શકીશું.

પૂ. મુનિશ્રીના જન્મદિને નાઇરોબી જ્ઞાતિ તરફથી અપંગ નિરાધાર એવા ભાઈઓ, બ્હેનોને અને બાળકોને દરેક સંસ્થાઓમાં જમણ આપવામાં આવ્યું છે. પૂ. શ્રીએ લખેલું પુસ્તક "એસેન્સ એન્ડ સ્પીરીટ ઓફ જૈનીઝમ" ઘરદીઠ વિના મૂલ્યે સંઘ તરફથી આપવામાં આવશે.

પૂ. મુનિશ્રી જગાવેલી જ્ઞાન અને ધર્મની મશાલ પ્રગટાવવા આટલું બસ નથી, આપણે સૌએ ધર્મનો આપણામાં અને અન્ય પ્રજામાં વધારે અને વધારે પ્રચાર કઈ રીતે કરી શકીએ એ માટે શકય પ્રયાસો કરવાના છે.

મને જાણવા મળ્યું છે કે આજે નાઈરોબીની પ્રજા કેટલી ઉત્સુક બની ગઇ છે, આ અજોડ વાણીએ તેમના અંતરના નાદને સ્પર્શ કર્યો છે, તેથી ઘણા ઘણા પત્રો, ચીઠ્ઠીઓ અને ચર્ચાઓ દ્વારા પૂ. શ્રી પાસે અનેક ભાવો વ્યકત કરવા મથી રહી છે. પત્રમાં અત્યંત ભાવો વ્યકત કરે છે, ગુજરાતી બોલી જાણે છે પણ લખવામાં અંગ્રેજી તથા Swai ભાષામાં લખીને આપે છે. અમે ભાવભરી માંગણીઓ કરે છે. "હવે અમો આપને જવાદેવાના નથી. કારણ

કે આપની પાસે જ્ઞાનની ગંગા, અને શાસ્ત્રોના વચનોનો ખજાનો ભર્યો છે, અમો અજ્ઞાન છીએ તેથી અમારે આપની ઘણી જરૂર છે તેથી આપ અમને ખૂબ લાભ આપો.” કોઇ લખે છે કે અમારી ધરતી પર ગણધર પધાર્યા છે તો કોઇક વળી લખે છે કે ચિત્રચંદ્ર પધાર્યા છે, અને અમને પ્રકાશ આપ્યો છે.

ઘણા સમજુ માણસો અત્રે પૂ. શ્રીને પ્રશ્ન કરી પૂછે છે કે અમો હિંદુસ્તાનમાં લોકોના કહેવા મુજબ અનાર્ય ગણાઇએ છીએ તો આપનો શો અભિપ્રાય છે ?

અમારા પુર્વ આફ્રિકાના ભાગ્ય ખુલ્યાં છે, પૂ શ્રીની વાણીથી પ્રજામા સંયમ અને વર્તણુક જે આવી છે, તે ગમે તેટલા પ્રયત્ન કરતાં પણ આવી શકે તેમ ન હતું.

“ બીજું ત્યાંના કહેવાતા આર્ય લોકો આપ જેવા વિદ્વાનને કેમ સમજી શકતાં નથી ? અને વધુમાં ત્યાંના લોકો આવા સમાજની ક્રૂર મશ્કરી કરે છે. ” ત્યારે પૂ. શ્રી તો સમાધાન કરવા સમતાથી ઉત્તર આપે છે પરંતુ આ સાંભળતા અમારૂં મસ્તક નીચે ઢળી પડે છે અને કબુલ કરવું પડે છે કે, આ સમાજ આર્ય કહેવાને બદલે અનાર્ય જેવું કર્તવ્ય કરી રહ્યો છે, અમારા સમાજના અમુક ભાઈઓ ભણેલા લાગે પણ દુનિયાના ફેરફારો સાથે ગણેલા નથી, એમ કબુલ કરવું પડે છે.

જૈનધર્મ એક આંતરરાષ્ટ્રિય ધર્મ હોઇ, એની સમજ વધુ વિસ્મૃત રીતે આપવાની જરૂર છે. આમ નહિં કરીએ, પૂ. શ્રી એ બતાવેલ માર્ગે, પ્રયાસ નહી કરીએ તો આજે વિશ્વની પ્રગતિ આગળ આપણો વિશાળ ધર્મ પાછળ રહી ગયો છે અને રહી જશે, પછી તો સાપ ગયા અને લિસોટા રહ્યા જેવું બનશે પૂ. શ્રીએ કહ્યું તેમ આપણે આપણું ધ્યાન સંસારના અન્ય કાર્યોની સાથે આધ્યાત્મિક ક્ષેત્રો તરફ ઢાળવું પડશે.

કેન્યા અને East Africaના આગેવાનો, સમગ્ર જૈન ભાઈઓ અને બ્હેન, યુવાનો અને યુવતિઓ, ભગવાન મહાવીરનો ચીંધેલો માર્ગ જે પૂ. ગુરુદેવે દાખવ્યો છે, તે માર્ગે જવા કટીબદ્ધ થવું પડશે, સૌ હાથ મિલાવી આ ચક્રોને ગતિમાન કરવા પડશે. માટે વહેલામાં વહેલી તકે આ અંગેનું પ્રચાર કાર્ય શરૂ કરો. આ અંગે પૂજ્ય મુનિશ્રીનું સતત્ માર્ગદર્શન આપણને મળ્યાજ કરશે એવી મને અખૂટ શ્રદ્ધા છે.

અંતમાં ફરીથી આપ સૌ વતી પૂજ્ય મુનિશ્રીને હું લાખો વંદન કરૂં છું.

લિ. **કાંતિભાઈ નરશીભાઈ શાહ**

# નકુરૂનો અવર્ણનિય ભાવ

પૂ. મુનિશ્રીને અમારો અવર્ણનિય ભાવ ખેંચી લાવ્યો છે, કારણ કે અતૃપ્ત આત્માઓમાં જૈનધર્મ અને માનવ ધર્મની જ્યોતિ પ્રગટાવવા ફરી ફરી અમે વિંનંતિ કરી હતી. પુ. શ્રી અને નાયરોબી જૈનસંઘ અનેક ગાડીઓ ભાઇ બ્હેનો સહિત અત્રે આવી પહોંચી હતી.

નકુરૂના ધર્મ પ્રેમી જનતા સ્વાગત કરવા લગભગ દસ માઈલ સામા આવ્યા હતા, હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યાંથી સરઘસ આકારે અનેક ગાડીઓ નકુરૂ શહેર તરફ રવાના થઈ હતી, સ્વાગત થયું ત્યાંથી દસ માઇલ નકુરૂ શહેર સુધી રસ્તાઓ બહુજ સુંદર રીતે

શણગાર્યાં હતા, રસ્તાની બન્ને બાજુએ લોકોની માનવમેદની અને પોલીસો લાંબી કતારોમાં ઊભા હતા.

અમારી શકિત પ્રમાણે સુંદર સમિયાણો તૈયાર કરેલો હતો, હજારો વિદ્યાર્થીઓ પૂ. શ્રીને તાળીઓથી વધાવતા હતા. ત્યાર બાદ જૈન અને જૈનોતરોએ વિસા ઓશવાલ જ્ઞાતિનો હોલ જે સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો, ત્યાં પૂ. શ્રીનું સ્વાગત કર્યું હતું. અને જ્ઞાતિના પ્રમુખ શ્રી વેલજીભાઇ ડી. શાહે હ્રદયના ઉંડાણથી સૌ તરફથી સ્વાગત અને આભાર વંદનસહ માન્યો હતો. પૂ. શ્રીની વાણીનો હજારો લોકો એક ચિત્તે અમૃત આસ્વાદ માણી રહયા હતા, પ્રવચન બાદ શ્રી લાલજીભાઈ નાગપાળને ત્યાં પધાર્યા હતા, અને ગૌચરી તથા મૌન બાદ સાંજના વાર્તાલાપ, અને પ્રશ્નોતરી રાખી હતી, સાંજના ગૌચરી શ્રી વેલજીભાઇને ત્યાં હતી, તેથી સમગ્ર ભાવી જનતાના આગ્રહ અને ભાવ જોઇ જેને વહોરાવવાની ભાવના હોય તે ભાવના પ્રતિકરૂપે એક વાનગી વહોરાવી જાય તેમ ગોઠવ્યું હતું, કારણકે જીવનમાં આ વહોરાવવાનો લાભ આ ધરતી પર કયાંથી સાંપડે? એટલે સૌના ભાવનો સ્વીકાર કર્યો હતો, આખા દિવસના કાર્યક્રમ બાદ સાંજે પ્રતિક્રમણ થયું હતું અને રાતના કૃષ્ણ મંદિરમાં જાહેર પ્રવચન હતું, અહીંયા જાત જાતના સંપ્રદાયોના ભેદભાવ વિના દરેક ધર્મના લોકો હાજર રહી ખૂબ લાભ લીધો હતો. બીજે દિવસે ઉગતી પ્રભાતે નકુંરૂના પ્રમુખ શ્રી વેલજીભાઇ, શ્રી લાલભાઇ શાહની સાથે Kericho (કેરીચો) ગામને એક પ્રવચનનો લાભ આપ્યો, કલાકમાં લોકોએ ધર્મરસ પીધો અને પૂ. શ્રી કીસુમો ગામ પધાર્યા, અત્રે ગામના સિમાડે હજારો ભાઇ બ્હેનો સ્વાગત અને સામૈયા માટે રાહ જોઇ રહયા હતા, સામૈયું કરી શહેરમાં લઇ ગયા અને અત્રે ગામના આગેવાનો શ્રી મોતીચંદભાઇ કુલચંદ તથા શ્રી પાનાચંદભાઈ જીવરાજ એ વીસા ઓસવાલ જ્ઞાતિ તરફથી ભવ્ય સ્વાગત કર્યું.

લિ. **વીરચંદભાઇ મુલજી શાહ**
માનદ મંત્રી
વીસા ઓસવાલ જ્ઞાતિ નકુરૂ.

---

# ELDORET (એલ્ડોરેટ) નું અજોડ સ્વાગત

સૂર્ય દેવના આગમન પછી, તેમજ સાડા નવ વાગે પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) જીનું સ્વાગત અમારા એલ્ડોરેટમાં વસતા ભાઇ બ્હેનોએ, અત્રેથી ચાર માઇલ દૂર આવેલા કિટાલે ગામે કરવાનું છે, તો સર્વે ભાઇ અને બ્હેનોએ હાજર રહેવું, પૂ. શ્રી જ્યાં કિટાલે પધાર્યા ત્યાં જય જયનાદ સાથે સ્વાગત કર્યું અને તરતજ એલ્ડોરેટ શહેર તરફ પ્રયાણ કર્યું; ત્યાં પહોંચતા તો લોકોનો ઉત્સાહ કોઇ અનેરોજ હતો. ગામના સીમાડા સુધી અસંખ્ય ગાડીઓ સાથે હતી, અને સરકાર તરફથી પણ સ્વાગત માટે પોલીસ એસકોર્ટ આપવામાં આવી હતી.

અત્રેના સીમાડેથી ધજા પતાકાઓ અને પ્લેકાર્ડ સાથે વાજતે ગાજતે વરઘોડાના સ્વરૂપમાં પગે ચાલતા ઉતારા તરફ પ્રસ્થાન કર્યું હતું.

અત્રેના લગભગ પચાસ બ્હેનોએ જે ગહુલી ગાઇ હતી તે હૃદયને સ્પર્શી જાય તેવી હતી. રસ્તાની શરૂઆતથી તે પૂ. શ્રીના ઉતારા સુધી પુરુષોએ શિસ્તબદ્ધ લાઇનમાં આવી આગળ બે

ચમર ધારીઓ પૂ. શ્રીના પગલાઓ માટે સાફ સુફી કરતા હોય તેમ સફાઈ કરતા હતા, આ એક એવું દ્રશ્ય હતું કે જે દિલ અને દિમાગને ઘેલું કરી દે તેવું હતું.

પૂર્વ આફ્રિકામાં સાગરમાંથી નીકળેલી (નાઈલ) નદી, એ એક ત્રિવેણી સંગમ મનાય છે, તેમ પૂ. શ્રીનું જ્ઞાન, દર્શન અને અમારો ભાવ એ એક ત્રિવેણી સંગમ થયો; અમે અનુભવીએ છીએ.

બ્હેનોએ તાલ સાથે દિલના તાર ઝણઝણાવી દે તેવું સ્વાગત ગીત ગાયું હતું. આવું સ્વાગત કદી જોયું હોય તેવું યાદ નથી આવતું. અત્રેથી પ્રેસીડન્ટ શ્રી વાઘજીભાઈ નાગપારના ત્યાં ઉતારે પધાર્યા હતા. અત્રેના આગેવાનોએ સ્વાગત પ્રવચન કર્યા હતા.

અમારા ગામમા જ્યાં જ્યાં આપના પગલાં થયાં ત્યાં ત્યાં જ્ઞાનની ગંગા વહેવરાવી છે. લોકોના અતૃપ્ત હૈયાંઓ પ્રેમ–પરાગ અને પરિમલથી, સુશોભિતાથી ડોલાવી દીધાં છે. સેંકડો વર્ષો પછી કંઈક અવનવું પામ્યાનો આનંદ અમારા મુખાવિંદ પર છવાયો છે. પ્રત્યેકના અંતરમાં એકજ ગુંજન છે, અમારા સાચા હૃદયના પોકારને સાંભળી ભગવાને ખરેખર આ આફ્રિકાની ધરતી પર એમનોજ સંદેશ વાહક મોકલ્યા છે. અમારા દેશમાં એકલા વડીલોજ નહી પણ આજના યુગના યુવાન અને યુવતિઓએ અંતરના ઉંડાણથી આપને સત્કાર્યા છે, આવકાર્યા છે અને મનોમન પૂજયા છે. આ એક નરી હકીકત અને વાસ્તવિકતાથી આપને જણાવીએ છીએ, મારી કયાંએ અતિશયોકિત નથી, પણ અંતરનો અવાજ છે.

અહીંનો આખા દિવસનો ભરચક કાર્યક્રમ પુર્ણ થયો ત્યાર બાદ સાંજે પ્રતિક્રમણ પછી એક જાહેર પ્રવચન, ત્યારબાદ વાર્તાલાપ અને પ્રશ્નોતરી રાખી હતી. આ દરેક કાર્યમાં આખો દિવસ ખૂબ ખૂબ લાભ અત્રેની જનતાને મળ્યો છે તે માટે કયા શબ્દોમાં આભાર અને વંદન કરૂં ?

લિ. સતિષ કે. શાહ
માનદ મંત્રી
વીસા ઓસવાલ જ્ઞાતિ

---

## યુગાન્ડાના મુખ્ય Airport Entabe પર વિભુતીનું આગમન

તા. ૧ થી ૭ સુધી નાયરોબીને, જનતાને, સ્કૂલોને, સંસ્થાઓને T.V. ઉપર પત્રકારોની ચર્ચાનો લાભ આપી પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) નુ આગમન અમારા સંઘ અને માનવોના હૃદયમાં એક અજોડ વિભુતીનું આગમન આલેખાયું છે.

અમારા સંઘના આગેવાનો, જૈનો અને જૈનેતરોએ ભાવભર્યું સ્વાગત કર્યું અને તરતજ V. I. P. હોલમાં પત્રકારો સાથે ચર્ચા, વિચારણા ગોઠવી હતી. તે પૂર્ણ કરી.

યુગાન્ડાથી કંપાલા Air Port બાવીસ (૨૨) માઈલ દૂર હોવા છતાંએ સંખ્યાબંધ ગાડીઓ હાજર થઇ ગઇ હતી, વિમાનમાંથી ઉતરતાંજ જય જયનાદ વચ્ચે સ્વાગત થયું.

અહીંના યુગાન્ડાની સરકારે પૂ. શ્રીના મનમાં જ્યાં સુધી પોતે તેમના શહેરમાં રહે ત્યાં સુધી (Special Police Escort) સ્પેશિઅલ પોલીસ એસકોર્ટ ગાડી ચોવીસે કલાક રાખી છે, આ ગાડીની ઉપર બ્લુ Twinkling Light મોખરે રહેવાથી તરત પૂ. મુનિશ્રીની સવારી નીકળે છે તેવું ચિહ્ન સૂચક હતી. આ દ્રશ્ય ભવ્ય છે.

પહેલું પૂ. શ્રીનું સ્વાગત સંઘના હોલમાં સંઘના પ્રમુખ શ્રી અમુભાઈ વારીયા, માનદ

મંત્રી શાંતિભાઇ મહેતા અને શ્રી નરેન્દ્રભાઈ મહેતાએ કર્યું, ત્યારબાદ પૂ. શ્રીના પ્રવચનો થયાં. પૂ. શ્રીએ સૌથી પ્રથમ યુગાન્ડાની પ્રજાને સંબોધતા કહ્યું કે આ દેશની પ્રજાની પ્યાસ જોઈ આનંદ વ્યકત થઇ જાય છે.

આવા નિર્દોષ, ભોળા લોકોને જોઇ મારું હૃદય પુલકિત થઈ જાય છે. પ્રવચન બાદ કમ્પાલાથી નીકળી પૂ. શ્રી અનેક ભકતોની સાથે કકિરા ગામ પધાર્યા. કકિરાના એક સૌથી પ્રથમ સ્થાનના ઉદ્યોગપતી મુલજીભાઇ માધવાણીની કર્મભૂમિ છે. માધવાણી કુટુંબ તો ઘણા વર્ષોથી પૂ. શ્રીના ભકતો છેજ, અને તેમાં શ્રી જયંતીભાઈના મૃત્યુના દુઃખદ પ્રસંગે તો પૂ. શ્રી માધવાણી નગરમાં તાત્કાલિક પધારવાનું ઇચ્છે જ કારણ કે સંતની વાણી, પગલા અને જ્ઞાન; દુઃખના કારમા ઘા પર એક આશ્વાસનનો મલમ પટ્ટો બની જાય છે.

પૂર્વ આફ્રિકાના ઇન્ડસ્ટ્રિઅલ ડેવેલપમેન્ટમાં માધવાણી ગ્રુપનો મોટો ફાળો છે, અને એમના આમંત્રણથી પૂ. શ્રી કકિરા પધાર્યા, શ્રી મનુભાઈ તથા જયોતિબેને પૂ. શ્રીનું તેમજ સાથે આવનાર સર્વ મહેમાનોનું ખૂબજ ભાવથી સ્વાગત કર્યું. શ્રીમતી લીનાબેન જયંતીભાઇ માધવાણી અને મનુભાઇ, જયોતિબેન અને અન્ય કુટુંબીજનો આ અચાનક કારમો ઘા ઘણો ઘણો સહન કરવા માટે કઠીન હતો, તેમ છતાં એ આવા જ્ઞાની સંતના આગમનથી, જ્ઞાનભરી વાણીથી, મનને કંઇક શાંતિ વળશે, અને દેહ અને મૃત્યુ શું છે તે સમજાશે તેથી સ્વાગત કર્યા બાદ એક દિવસ ત્યાં રોકાયા. ત્યાંની માધવાણી કુટુંબની જાહોજલાલી, કુદરતી દેદિપ્યમાન સૌંદર્ય અને ભાવના અનોખી હતી, આવા અતિ સુંદર વાતાવરણમાં રાત્રી વિતાવી સવારે જીંજા પધાર્યા.


પૂ. શ્રીનું પ્રવચન જીંજાની ભાવનાશીલ પ્રજાએ શ્રીકૃષ્ણમંદિરમાં રાખ્યું હતું, આ જીંજા યુગાન્ડામાં કમ્પાલા પછીનું બીજા નંબરનું મોટું શહેર છે, જ્યાં જ્યાં પૂ. શ્રી પધાર્યા છે ત્યાં ભાવના અને ભકિતના ભાવો નીતરતા નિહાળ્યા છે. અત્રે છ હજાર હિંદીઓ વસે છે, સૌનો પ્રેમ પામી પાછા કકિરા પહોંચ્યા. બપોરે પ્રવચન હતું, તેનું શ્રવણ કરતાં સૌના હૈયાઓ હલી ઉઠયા હતા. શ્રીમતી લીનાબેન માધવાણી તથા અન્ય કુટુંબીજનોને ખૂબજ શાન્તિ અને હૈયા ધારણ પ્રવચનથી થયું હતુ. માધવાણી સ્ટાફ પણ ખૂબ પ્રભાવિત થયો હતો.

કમ્પાલામાં અંગ્રેજી યુગાન્ડા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર જે અગીયાર કરોડના ખર્ચે બંધાયેલી છે, તેમાં સૌ કોઈને પ્રવચન કરવાનો અધિકાર નથી. પરંતુ પૂ. શ્રીનું પ્રવચન અંગ્રેજીમાં આ સ્થાનને O. A. V. કહે છે, તેમાં આપ્યુ હતું.

આ અંગ્રેજીનું પ્રવચન સૌથી વધુ પ્રેરણાદાયી હતું. ત્યારબાદ સંઘના હોલમાં બે પ્રવચન આપ્યા હતા, છેલ્લે દિવસે T. V. ઉપર પ્રોગ્રામ શ્રી ઝવેરભાઈ હરિયાએ (Uganda Food Products) વાળા એ ખાસ જહેમત ઉઠાવી ગોઠવ્યો હતું, જે ખૂબજ સુંદર હતો, Press Reporters એ એ ખૂબજ જાત જાતના સવાલો પૂછ્યા હતા, પરંતુ પૂ. શ્રીએ એથી વધુ સુંદરતાથી એના ઉત્તરો આપ્યા હતા. લગભગ ટેલીવીઝન ઉપર ત્રીસ (૩૦) મિનીટ સવાલ જવાબ ચાલ્યા હતા. ત્યારબાદ Entabe Air Port થી નાઈરોબી પધારવા નીકળ્યા છે.

પૂજ્ય ગુરુદેવ ચિત્રભાનુજી મહારાજ યુગાન્ડાથી તા. ૧૨–૮–૭૧ના નાઇરોબી પાછા પધાર્યા અને ત્રણ દિવસ સવાર સાંજ પ્રવચનનો લાભ આપી તા. ૧૫ મીએ સંખ્યાબંદ ગાડીઓ, આગેવાનો અને સંઘની કમિટીના સભ્યો સાથે પર્યુષણ પર્વની આરાધના કરાવવા મોમ્બાસા પધાર્યા છે, આફ્રિકામાં વસતા જૈનોને તો આ પ્રભુ મહાવીર વાણી આવા મહાન મુનિરાજના મુખેથી શ્રવણ કરવી એ એક અહોભાગ્ય અને અજોડ પ્રસંગ છે.


છેલ્લા એક દસકાથી ઘણીવાર સાંભળ્યું હતું કે પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ)જીના મુખેથી ગણધરવાદનું શ્રવણ કરવું એ તો એક માનવ જીવનમાં લહાવો છે, તો તે અમારી ભાવના આ વખતે પૂર્ણ થશે.



પૂ. શ્રીના ગૌરવભર્યાં મિલનને વધાવતા સંઘના અગ્રગણ્યો




પવિત્ર પાદ પંકજથી પાવન થયેલી આફ્રિકાની ધરતી



જ્ઞાનની ગંગાના વારીનું પાન કરતાં આતુર શ્રોતાઓ




પ્રસન્નતા સહ ઊંડી વિચારધારામાં પૂ. શ્રી અને સંઘના આગેવાનો



પૂ. શ્રી સાથે સમાચાર લેવા આફ્રિકાના અખબારોના પ્રતિનિધીઓ



સંતની પ્રતિભા સામે મીટ માંડી દર્શન કરી, વાણીને શ્રવણ
કરી રહેલા કેન્યા પાટનગરના મિનીસ્ટર



એકાગ્રતામાં કલમ અને મનનનું સૌમ્ય દર્શન



નૈસર્ગીક સુંદરતામાં સાથ પુરતી સાધનાની સુવાસ



સંતના આશીર્વાદ અને ભક્તોની વસમી વિદાય

# પૂ. મુનિશ્રીની વિદાય વેળાની વાણી

પૂર્વ આફ્રિકાની ધરતી પર પગ મુકતાંજ પ્રાકૃતિક સૌંદર્યના દર્શનથી આત્મા પ્રફુલ્લિત બન્યો.

આફ્રિકા આવતા પહેલા મને એમ કહેવામાં આવતું હતું કે ભારત કરતાં અહીં ધર્મની લાગણીઓ ઓછી છે પણ આ જિજ્ઞાસાપૂર્વક ઉભરાતો માનવ મહેરામણ શું સુચવે છે? ધર્મ કે અધર્મ? દરેક પ્રવચનોમાં ૧૦ હજારથી પણ વધારે માનવમેદની શું સુચવે છે? આથી વધારે ધર્મ ભાવનાનું જવલંત દ્રષ્ટાંત શું હોઇ શકે?

મારે તો કાંઇ જ જોઈતું નથી. હું ફંડફાળા કરવા નથી આવ્યો. મેં સાંભળ્યું છે ત્યાં સુધી ભારતથી આવતા ઉપદેશકો અને ધર્મગુરુઓ ઉપદેશની પાછળ કોઈ સંસ્થાની ઝોળી લઈનેજ આવ્યા હોય છે અને એ ઝોળીઓને આફ્રિકાની જનતાએ ઉદાર હાથે છલકાવીજ આપી છે. આ ઉદારતા ધર્મ વિના સંભવે?

હવે હું ઇચ્છું છું કે આફ્રિકાના લોકો જે ધરતીમાંથી ધનવાન બન્યા છે તે ધરતીના લોકો માટે કઇંક કરતા રહે કે જેથી પરસ્પરમાં વિશ્વાસ જન્મે અને આંખોમાંથી અમી વહે.

આપે સૌએ મારો આભાર માન્યો પણ હું આને આ-ભાર માનું છું. હું કોઇ પણ જાતનો ભાર ઉપાડવા તૈયાર નથી.

હું ઉપદેશક કે ધર્મગુરુ હોવાનો દાવો કરતો નથી. જીવનક્ષેત્રે શાંતિ અને સમાધિ, સત્ય ને સૌંદર્ય આ ચારનો હું એક નિર્બંધ શોધક રહયો છું અને આ શોધ એજ મારી સાધના છે. લોકો માને કે ન માને; આવે કે ન આવે તે મહત્વની વાત નથી. પણ માનવ-સમાજ સાથે મારો વ્યવહાર આંતરિક દૃષ્ટિએ કેટલો શુદ્ધિભર્યો, સૌજન્યપૂર્ણ ને સૌહાર્દભર્યો છે તેજ મારે મન મુખ્ય છે.

મેં આપની પાસેથી કાંઈ લીધું નથી કે દીધું નથી. લીધું હોય તો મેં તમારા હૈયાનો પ્રેમથી કબ્જો લીધો છે. અને દીધું હોય તો મારા અનુભવના ઉદ્‌ગારો દીધા છે.

મેં આટલા દિવસમાં જે કાંઈ કહ્યું છે તેના મુળ સૂત્રો મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ છે. આ અમૃતને જીવનમાં ઉતારનાર મૃત્યુથી નહીં ગભરાય તે નિશ્ચય છે પણ આ ચાર વસ્તુઓને જીવનમાં વ્યાપક બનાવવા અહિંસા, સંયમ અને તપ આ સાધનોની તો અનિ-વાર્ય જરૂર છે. હું ઇચ્છું છું કે આપ સહુ આ સાધનોને સાધન સમજીને સાધના કરી જીવનની પરમશાંતિ સાધવા ધ્યેયલક્ષી બનો.

આપણે ફરી કયારે મળીએ તે તો પ્રકૃતિ માતા જ જાણે છે પણ મૈત્રીની મધુરતાના મંદિરમાં તો આપણે મળ્યાં છીએ ને મળતાં જ રહેશું.

# વંદના ઋણ સ્વિકાર તથા ક્ષમાયાચના

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજની ધર્મ પ્રચાર યાત્રાને અર્ધ્ય આપતું પ્રકાશન અંક પ્રગટ થવો જોઈએ એવા વિચારોનું મનોમંથન ખૂબ ચાલતું જ હતું ત્યાં શ્રી દેવેન્દ્રભાઈ મહેતા મળ્યા, અને મને પૂછ્યું કે "રમેશભાઈ પૂ. મુનિશ્રી અહીં પધાર્યા છે, તે નિમિત્તે નવનાત પ્રકાશનો વિશેષાંક કાઢીએ તો સંપાદનની જવાબદારી તમે ઉઠાવશો?" એક ક્ષણનો વિચાર કર્યા પછી મેં કહ્યું પૂ. મુનિશ્રીની સમ્મતિ મળે અને તમારા સંપાદક મંડળ તરફથી સંપાદક તરીકે સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે તો મને વાંધો તો નથી પણ આવું ઋણ અદા થાય તેનો આનંદ છે. થોડીક વારમાં શ્રી દેવેન્દ્રભાઈ પાછા આવ્યા અને કહે "અમારા સંપાદક મંડળની ખાસ ઇચ્છા છે કે આ અંક બહાર પાડો અને તમને સંપૂર્ણ સ્વતંત્રતા અને સહકાર છે."

સૌથી અગત્યનું વાચન મને તો આ અંકમાં આ નીચેનું લાગ્યું છે.

બીજે દિવસે ઉગતી પ્રભાતે હું મુનિશ્રી પાસે પહોંચ્યો અને આ અંગે વાત કરતાં, તેઓશ્રી જરા ખચકાયા પછી કહ્યું કે "રમેશ, તુ જાણે છે કે જ્ઞાતિઓ તથા સંપ્રદાયોની વાડાબંધીમાં હું માનતો નથી, વળી વ્યકિત પૂજાને હું વિષચક્ર ગણું છું" જ્ઞાતિ તથા સંપ્રદાયોની સંકુચિતતાના મને અનેક કટુ અનુભવો થઈ ગયા છે ને તેથી હું પણ આવી ભાવનાઓનો સ્વિકાર કરતો નથી, પરંતુ જો આ જ્ઞાતિઓ અને સંપ્રદાયોમાં સામુહિક સહકારની ભાવના સાકાર થતી હોય તો તે આવકાર્ય છે. તેથી મેં સંપાદનની જવાબદારી સ્વિકારી છે. અને પૂ. મુનિશ્રીએ પોતાની સમ્મતિ આપતા લાલ બત્તી ધરી કે "એક વાતનો ખાસ ખ્યાલ રાખજે આ અંક વ્યકિત પૂજા અંક ન બની જાય પરંતુ સત્ય સંશોધનમાં સહાયક બને." આ સાંભળી મેં વંદના કરી અને કાર્યનો પ્રારંભ કર્યો.

તા. ૧૮–૮–૭૧ થી પર્યુષણપર્વની આરાધના પૂ. મુનિશ્રીની પાવક નિશ્રામાં શરૂ થતાં જૈન જૈનેતર પ્રજામાં અપૂર્વ ઉત્સાહ દેખાય છે. પૂજયશ્રીના સવારના નવથી સાડાદસ સુધીના અને રાતના પ્રવચનોથી ધર્મની ભાવના ખૂબજ વૃદ્ધિ પામે છે. પ્રવચનોમાં વિશાળ હાજરી રહેતી હોવાથી આટલુ વિશાળ છતાં સ્થળ સંકોચ નજરે પડે છે–(પર્યુષણપર્વની આરાધનાનો વિગતવાર અહેવાલ હવે પછીનાં અંકમં પ્રસિદ્ધ કરવામાં આવશે.) મોમ્બાસા : ૧૫–૯–૭૧

# શાકાહારી વિશ્વ પરિષદ હેગ (Hague) માં પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગર (ચિત્રભાનુ)નું સ્વાગત

હોલેન્ડની રાજધાની હેગમાં અહિંસાના ફરિસ્તા પૂ. ચિત્રભાનું તા. ૬–૯–૭૧ ના દિવસે લંડનથી અત્રે પધાર્યા છે, અત્રે વિશ્વમાંથી જુદા જુદા શહેરોમાંથી બાવીશો ડેલીગેટસ આ શાકાહારી વિશ્વ પરિષદમાં ભાગ લેવાના છે. વધુમાં હિંદુસ્તાનમાંથી પણ સારી સંખ્યાની હાજરી છે. જુદી જુદી સંસ્થાઓ, શહેરોના પ્રતિનિધીઓ પૂ. શ્રીની સાથે ચર્ચા અને પ્રશ્નો પૂછવા માટે સમય ગોઠવી રહયા છે, પૂ. શ્રીનું એક તા. ૯–૯–૭૧ ગુરુવારના સાડા અગીઆરે પ્રવચન છે. અને બીજું પ્રવચન તે પહેલાં થઈ ગયું છે, અત્રેથી તેઓશ્રી તા. ૧૦ મીએ ન્યુયોર્ક તરફ પ્રયાણ કરશે, કારણ કે ૧૦ મીએ શુક્રવારથી સ્ટેટમાં અનેક પ્રોગ્રામ ગોઠવાયો છે.

# અમેરિકાનું પૂ. શ્રીને આમંત્રણ

U. S. A. (અમેરીકાની) ધરતી પર ઘણા સમયથી પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીની પધારવાની તૈયારીઓ થઇ રહી છે. ત્યાંના ટ્રંકકોલના આધારે આખો પૂ. શ્રીનો તા. ૨૧ મી સુધીનો ભરચક પ્રોગ્રામ આ પ્રમાણે છે.

તા. ૧૧–૯–૭૧ (Philadelphia) ફીલાડેલફીયા (U.S.A.) માં પૂ. શ્રીનું પ્રવચન શ્રી નિરંજનભાઈ ધ્રુવએ ગોઠવ્યું છે. ત્યારબાદ તેઓશ્રી ન્યુયોર્ક પધારશે અને તા. ૧૨–૯–૭૧ ના દિવસે સવાર–સાંજ બે પ્રવચનો ન્યુયોર્ક (New York) માં આપશે.

ત્યારબાદ પૂ. મુનિશ્રી તા. ૧૩–૯–૭૧ ના મંગલ પ્રભાતે વોશીંગ્ટન (Washington) પધારશે, અને ત્યાં Ambassador (એમ્બેસડર) સાથે એક કલાક મંત્રણા કરશે, સાંજના પ્રવચન આપશે, પરંતુ બપોરે ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડીંગના પ્રેસીડન્ટ મી. પીટરડન સાથે બે કલાક ચર્ચા ગોઠવેલી છે. વોશીંગ્ટનથી તા. ૧૪ મીએ સવારે ન્યુયોર્કમાં પ્રેસ–કોન્ફરન્સ ગોઠવાઈ છે અને બપોરે ટેલીવિઝન ઉપર આવશે, તા. ૧૪ મીએ રાતના New York માં ઇન્ટરનેશનલ કોન્ફરન્સનો પ્રબંધ નકકી થયો છે. ત્યાંથી પૂ. શ્રી બફેલો (Buffalo) પધારશે, અને તેજ દિવસે (Univesity of Buffalo) માં સવારે પ્રવચન આપશે અને બપોરે પ્રશ્નોત્તરી થશે. ત્યાંથી Car માં સીધા રોચેસ્ટર (Rochester) જશે અને ત્યાં રાતના પ્રવચન આપશે.

પૂ.શ્રી તા. ૧૬ મીએ (Chicago) ચિકાગો પધારશે અને ત્યાં પૂ. શ્રીનું સ્વાગત થશે, ચિકાગોમાં પૂ. મુનિશ્રી, ભરત જે. કોઠારીને ત્યાં રહેવાનું સ્થાન રાખશે, બપોરે (Layola) લાયોલા યુનીવર્સીટીમાં લેકચર આપશે, સાંજના વિવેકાનંદ સોસાયટીમાં પ્રવચન કરશે ત્યારબાદ તા. ૧૭ મીએ કાર્ડીનલ કોર્ડી (Cardinal Cordy) સાથે એક કલાક મંત્રણા કરશે.

તા. ૧૮ મીએ પ્રેસ ઈન્ટરવ્યું થશે, અને ટેલીવીઝન પર Relay થશે. ચિકાગોમાં પૂ. શ્રીનો બહુજ પ્રોગ્રામ ગોઠવાયો છે, કારણ કે ઘેર ઘેર પગલાં કરવાનાં આમંત્રણ ગોઠવાયાં છે.

તા. ૧૯ મીએ સવારે લોસએન્જલીસ (Los Ageles) પધારશે અને ત્યાં પ્રવચન આપશે. બીજે દિવસે પણ ત્યાંજ રોકાશે અને તા. ૨૧ મીએ સાનફ્રાન્સીસ્કો (SanFransisco) માં પ્રવચન ગોઠવાયું છે, આ સુધીનો તમામ પ્રોગ્રામ આ પ્રમાણે મળ્યો છે, અમારી ડીવાઇનની ઓફીસ પર ઘણા ભકતોના ફોન આવે છે, કારણ કે તેઓ શ્રીનો પ્રોગ્રામ જાણવા આતુરતા સેવે છે કારણ કે તેમના Family જે U. S. A. હાલમાં રહે છે તેઓ પૂ. શ્રીના દર્શન (U. S. A.) અમેરીકામાં પામી શકે તે ભાવનાથી પૂ શ્રીની ઇટીનરી માટે ઉત્સુકતા સેવે છે. વધુ પ્રોગ્રામ મળેથી જણાવશું.

– સંપાદકશ્રી

# ❋ અનંતનો પ્રવાસ ❋

( પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજનું તા. ૬-૭-૭૧ ના રોજ મોમ્બાસામાં આપેલ પ્રવચન )

આ સુભાષિતમાં સંસારમાં ચાલતી એક સામાન્ય વાત છે, કે કોઈ પણ પ્રવાસી મુસાફરીએ જવાનો હોય તો ભાથા વીના અગર તો પૈસા વીના એ પ્રવાસ કરતો નથી, કારણકે ભાથુ જોઈએ, ભાથુ ન હોય અને પૈસા હોય તો કાંઇ ખરીદી શકે પણ પૈસા પણ ન હોય, ભાથુ પણ ન હોય અને હોય છતાં પણ લે નહી અને એમને એમ નીકળી પડે તો આવો પ્રવાસી દુનિયામાં પાગલમાં ગણાય છે.

એક ગામડાની વાત લઇને એક વિચારક આ પ્રશ્ન પૂછે છે કે દરેક માણુસ ભાથુ લઈને જાય છે, અરે ઓ માણુસ! તુ પણ એક પ્રવાસી છે, તો તારો પ્રવાસ આ જીવનમાં સૌથી લાંબો છે આપણે હિંદુસ્તાનથી આફ્રિકા આવ્યા. કદાચ આફ્રિકાથી યુનાઈટેડ સ્ટેટમાં જાય, એનાથી આગળ વધી આગળ દૂર દૂર નીકળી જાય અને જાપાન સુધી જાય, આ બધાએ પ્રવાસ કરતાં આપણો જે પ્રવાસ છે તે પ્રવાસ ઘણો લાંબો છે, એ પ્રવાસને કોઇ અંત નથી, એ અનંતના પ્રવાસે આપણે નીકળેલા સૌ નર અને નારીઓ માત્ર પ્રવાસી છીએ, નર અને નારી, બ્રાહ્મણ કે ખ્રિસ્તી, પારસી અને મુસલમાન એતો બધાએ જુદા જુદા વાહનો છે, કોઇને મોટર હોય, ટ્રેઈન હોય કે ગાડી હોય, પણ એ વાહનમાં બેઠેલો તું પ્રવાસી છે, એ પ્રવાસી વાહનથી જુદો છે, એ પોતે એક વાહનમાં ગમે તેટલા વર્ષો બેસતો હોય પણ, એ એમ નહી કહે કે હું વાહન છું, પણ કહેશે મારૂં વાહન છે, તમો જ્યારે મારૂં કહો છો ત્યારે તમે વાહનથી જુદા પડી જાઓ છો, તમે કહો કે મારો કોટ છે, તો તમે અને કોટ જુદા, તમે કહો કે મારી ટોપી છે તો તમે અને ટોપી જુદા, તમે કહો કે મારો દેહ છે તો તમે અને દેહ જુદા કારણકે જેમાં તમે મારૂં કહો તે તમો નથી, પઝેસીવ છે અને પઝેસીવ એકટીવીટી શકિતમાં આવે છે. સંબંધ તે રીલેશન રીલેટીવ છે, રીલેટીવ હોવા છતાં નિરાળી છે, જુદી છે, આ બે તત્વજ્ઞાનનો સંબંધ બતાવે છે, હું જે તમને કંઈ કહેવાનો છું, એને ધ્યાનમાં રાખીને કહેવાનો છું, ભલે હું ગમે તેટલી વાત કરૂં પણ ફેરવી ફેરવીને અહી લાવવાનો છું, પ્રવાસી એ વાહનથી એ સાધનથી જુદો છે, પણ આપણે અજ્ઞાનને કારણે કે, બીજા ધર્મમાં અવિદ્યાને કારણે, કોઇ કોઇ ઠેકાણે વળી માયાના કારણે અને જૈન ધર્મમાં કર્મ કહેવાય છે તો કર્મના કારણે, પોતાનું શરીર જુદુ હોય, એ કોણ છે તે વિસરી ગયો છે અને વિસ્મૃતિ ને સ્મૃતિમાં લાવવાને કારણે ક્રિયાઓ વિધિઓ, બધા મંદિરો, બધા ભગવાનો, બધી પ્રાર્થનાઓ અને પ્રવચનો નક્કી કરવામાં આવ્યા છે. આ બધાએ તમને યાદ આપવા માટે છે. આ મંદિર શું છે? ભગવાન છે એ આરસ છે, આરસમાંથી ટંકારેલી આકૃતિ છે. એમાં શું છે? એમાં ભગવાન વિતરાગતાનું પ્રતિક છે, એને જોઇને તમે એને યાદ ન કરો તો તમને કાંઇ ન મળે, પુજારીઓ નોકરો, રોજ ભગવાનને નવરાવતા હોય છે પણ તેઓ ભગવાન જેવા થવા માટે નથી આવતા, તમો પણ રોજ ભગવાન પાસે જાઓ પણ ભગવાન શું છે તે જાણ્યા વગર જાઓ, તો અર્થ કંઈ નથી. તમે પણ મંદિરે જાઓ છો, કોઇ કૃષ્ણના મંદિરે જાય, કોઈ શંકરના મંદિરે જાય કોઇ જરસ્તથોસ્તના મંદિરમાં જાય, મસ્જીદમાં જાય, ગુરુદ્વારામાં જાય, જે કુળમાં જન્મો હોય તે ત્યાં જાય, ન જાય તો જાય પણ કયાં? એ જાય છે તે સમજથી નહી, out of habit અને એ હેબીટ સમજણ નહી, પણ વ્યસન બની જાય છે અને વ્યસન તો ગમે તે વસ્તુનું હોય, તે મારી નાખે છે, પછી છીંકણી, તમાકુ કે દવા હોય કોઈ પણ વસ્તુ તમે જરૂરીયાત માટે લો છો, સમજીને લેતા હોય તો તમને ફાયદો કરે પણ જો સમજો નહી, વિચારો નહી તો તમને જે ફાયદો થતો હોય તે ન થાય એટલે તમે ભગવાન પાસે જાઓ, તેને જોયા કરો, પણ તમે ભગવાનને એમ કહો કે શાંતમુદ્રા પ્રસન્નતા વીતરાગ અવસ્થા મારી છે. એટલે ખરી રીતે જોવા જાઓ તો આ

આત્માનો સ્વભાવ કેવો છે એને આ આરસમાં કંડારી લેવામાં આવ્યો છે, એટલા માટે આને દ્રવ્ય કહેવામાં આવ્યો છે અને દ્રવ્ય ભાવનું કારણ બને છે. તમને જે Post Card આવે છે તેમાં લખેલી મેટર એ મહત્વ બને છે, પોસ્ટકાર્ડનું મહત્વ નથી. એ પોસ્ટકાર્ડનું મહત્વ હોય તો પોસ્ટમેન રાજી રાજી થઇ જાય, પણ પોસ્ટમેનના હાથમાં કેટલાકના આંસુ હોય, કેટલાકનું સુખ હોય અને કેટલાકનું દુઃખ હોય, એ પોસ્ટમેન કોથળો લઈને આવતો હોય તો તેને લાગે કે બોજો છે, પણ એનામાં કેટલા સળગતા હૈયાના સુખ દુઃખના પડઘા પડયા હોય છે, એ પોસ્ટમેનને ખબર નથી, કવર આપી અગર બોક્ષમાં નાખી જાય અને અહીં તમારા બોક્ષમાં નાખી જાય, પણ હિંદમાં આપી જાય એને ખબર નથી કે બોક્ષ કાઢનારને પત્ર વાંચનારને શું થશે ? એને ખબર નથી કોઈ મા વાટ જોતી હોય કે મારો દીકરો કેમ છે અમેરીકામાં? મહિનાથી પત્ર નથી બધીએ માનતાઓ કરી ચૂકી હોય કોઇ જાય અને Post Box ખોલી ને લઇ આવે અને વાંચે કે મા હું મઝામાં છું. પરીક્ષાના કારણે પત્ર નથી લખી શકયો, તો એ માને શું આનંદ થાય, તે પોસ્ટમેનને ખબર જ નથી, એ રીતે કોઇ વેપારીનો સોદો હોય, માલ લીધો, ભાવ વધી ગયો હોય અને એ દિવસે ખબર આવે તો કેવુ થઇ જાય, એવી જ કોઇ, વેપારની વાત હોય, કોઇનો જુવાન દિકરો હોય અને accident થઈ ગયો હોય અને કાગળ લખ્યો હોય, તમારો પત્ર મળે, એ પત્ર મેળવનારને જીંદગી આખી ખાલી થઇ જાય, આ કાગળો પોસ્ટમેનને મન કંઈ નથી, પણ જેની સાથે સંબંધ હોય તેને તો આ કાગળ હલચલ મચાવી દે છે, તેમ આ ભગવાન બનાવનારને મન કંઈ નથી એને તો ટાંકણા લઇને ભગવાન બનાવવાના પાંચસો લઇશ, હજાર લઈશ અને બહુ સારી બનાવે તો પાંચ હજાર લઇશ, પણ સમજે છે; તેને મન તો જીવંત છે. જેના ચરણોમાં જીવન કુરબાન કરી નાખે છે. એ હશે, રડે આંસુ પાડે, ઘેલો ઘેલો થઈ જાય, પેલા શિલ્પીને થાય કે મને તો કાંઇ થતું નથી આતો નાચે છે, કૂદે છે, મઝા કરે છે અને મે બનાવ્યું મને તો કંઇ નથી, બન્ને જુદા છે, બન્નેના ભાવ જુદા છે. હું એ કહેવા માગુ છું કે જે બધી ક્રિયાઓ છે, અનુષ્ઠાનો છે, તીર્થો છે અને સ્તુતિઓ છે એ જો તમે સમજો નહીં તો તમારે મન પણ એ શિલ્પીના જેવી જ કિંમત થાય, પણ જો તમે સમજો તો એ તમારૂં જીવન બની જાય છે. અને એ સમજને માટે જ આ સંસારના સમગ્ર ધર્મો, ગુરુઓ, પુસ્તકો, વ્યાખ્યાનો અને તત્વજ્ઞાનો નકકી કરવામાં આવ્યા છે. એવો કોઇ ધર્મ નહી મળેકે એમાં અંતિમ ઉંચી ભૂમિકાએ આ વાત્ત કહેવામાં ન આવી હોય, આ વાત અંતે કોઈએ થોડા પ્રમાણમાં કીધી, કોઈએ વધારે વધારે પ્રમાણમાંકહી આ વાત તેને કહી. જેવી જેની પ્રમાણમાં કીધી જે માણસ ઉચ્ચ ભૂમિકામાં ગયો તેને સાધના, તેને આ વાત ઝીણી રીતે કહી, એટલે જે રૂપે, સુક્ષ્મ રૂપે વાત કહી છે. તેના પરથી ખબર પડે કે તેનું ઉડયન કેટલું બધું છે, નાઈરોબીથી પણ એક પ્લેઈન આવે છે. એ તમારે ગમે તેમ ચાલતું હોય. તેમ હિંદુસ્તાનથી પણ એક પ્લેઇન આવે છે, એ બન્નેની હાઇટમાં ફેર હોય છે. કોઈને અઢાર, તો કોઈ વીસ તો કોઈ ને પાંત્રીસ હજારની હાઇટે ઉડવું પડે, જેટલું પ્લેઈન મોટું તેટલી હાઈટ મોટી. એવી રીતે જીવનમાં સાધના મોટી, તેટલી હાઇટ આધ્યાત્મિકતાની ઘણી મોટી અને એ હાઈટ ઉપરથી ખ્યાલ આવે કે એ માણસ કેટલી સાધનામાં આગળ વધ્યો છે, આ અહિંસા, સંયમ, તપ, એ શું છે ? એ સાધનામાં આગળ વધતો તેમ તેની હાઇટ વધતી જાય અને એ જેમ આગળ વધતો જાય તેમ તેમ તેને વસ્તુની સુક્ષ્મતાનો ખ્યાલ આવે છે. એની વાણી, વિચારોમાં, શબ્દોમાં ઉચ્ચતા હોય છે, એ વ્યકત થાય છે. અને એ વ્યકત થાય ત્યારે એનું જીવન જુદુ થઈ જાય છે. ત્રણ મિત્રો છે, એક સંત પાસે આવ્યા, ત્રણે જુદી કક્ષાના ભુમિકાના, વૈભવના હતા, ત્રણેની દશા જુદી, ભુમિકા જુદી અને વૈભવ જુદો, ત્રણે આવીને બેઠા, સંત ખુબ જ વિચારક હતા, ઘણી ઉચ્ચ કોટીના હતા, કંઈ કપડાં પહેરે તે બધાએ સરખા નથી હોતા પણ સાધના પરથી પરખાય છે. તમને તો ખબર હશે કે ટેરેલીનના શુટતો તમારો ઘાટી પણ પહેરે છે, જો કપડાં ઉપરથી માપો તો ઘણીવાર ભૂલ ખાવાનો સંભવ હોય છે. કપડાં જોઇને કદી માપશો નહી, નહી તો બહુ નુકશાન થઈ જશે, પીળાં કપડાં, કપડાં એ તો એક નિમિત્ત છે, આખર તો

સાધનાની હાઇટ એ મોટી વાત છે, વેષ વિભુષાઓતો ઘણા કરી શકે છે, અને એ વિભુષા કરતાં પણ સાધના મોટી વાત છે, આ સાધક એટલી ઉચ્ચ કોટીનો હતો. એની પાસે આ ત્રણે આવીને બેઠા, એને પુછ્યું કે કેમ આવવાનું થયું ? અને કયાંથી આવ્યા છો ? અને તમે કોણ છો ? એટલે પહેલો હતો રાજકુમાર એ જરા પાછો પડયો. એને એમ થયું કે એ માણસને હું કોણ છું તે ખબર પડતી નથી; મારી બ્યુટી જુએ, મારા કપડાં જુએ તો ખબર પડે કે હું રાજકુમાર છું. આ માણસ મને પૂછે છે શું ? બિચારાને જંગલમાં રહેનારને ખબર કયાંથી પડે ? એને પૂછ્યું કોણ છો ? કયાંથી આવ્યા છો ? કેમ આવ્યા છો ? આપને ખબર નથી, હું રાજકુર છું, મારા પિતા જાય એટલે ગાદીએ હું આવવાનો છું. આ એટલી જ વાર છે. બીજું કાંઇ નથી, અહીં પણ એજ દેખાય છે, બીજું શું છે ? કોઈ બાપ કદી કહી દે કે મારા પૈસામાંથી એક પૈસો આપનાર નથી પછી જો જો કે સંબંધ કેટલો રહે છે. એ એક અખતરા ખાતર કહી જો જો, એવું સાહસ કરશો નહિ, નહી તો કડવાશ ઊભી થઈ જશે, રાજકુમાર કહે આપ જાણતા નથી આ નગરનો માલિક છું. આ રાજય મહેલમાંથી આવું છું. સંતે કહ્યું અરે તમે તો મોટા માણસ છો, કહું કે મારૂં શું કામ છે ? કંઇ નહી અમે સાંભળ્યું કે કોઇ સાધુ આવ્યા છે તો જોઇએ. જરાક પૂછીએ, ચર્ચા કરીએ, જઈ આવીએ, લોકો જેમ પ્રદર્શનમાં જાય છે, મ્યુઝીયમમાં જાય છે જેવી રીતે પ્રાણી ઘરમાં જાય છે, એવી રીતે સાધુઓને જોવા જાય છે. ચાલો જઇ આવીએ, મહારાજ કેવા છે. કયાંથી આવ્યા, હિંદુસ્તાનથી આવ્યા છે. એટલે કૌતુક, આ જોવાનો વિષય નથી, સ્પર્શી જાય, ,અડી જાય જીવનમાં પલ્ટો થઇ જાય અને જીવનમાં પલ્ટો થાય તો જ જવાનો અર્થ છે. બીજો કોઈ અર્થ નથી. દુનિયામાં બીજા એવા ઘણા સ્થાનો છે કે જેમાંથી તમે ખૂબ પ્લેઝર મેળવી શકો છો આ એક જ એવું સ્થાન છે. વગર પ્લેઝરે પ્લેઝર, અંદરથી મેળવવાનું જો સ્થાન હોય તો આ છે. એટલે કોમન લોકોને હોય છે કે ધર્મની જરા ચર્ચા કરીએ એટલે મહારાજને પણ ખ્યાલ આવે કે મે વાંચેલુ છે, વેલરેડ છું. વિચારક માણસો ચર્ચામાં ઉતરતા નથી. એ કહે આ ચર્ચાનો વિષય નથી, સમજનો વિષય છે, આચરણનો વિષય છે . ભોજન ઉપર ચર્ચા કરો તો કંઇ પેટ ન ભરાય. એ તો ખાવું જ પડે, ભલે રોટલો ખાઓ, અને તમે ઘેબર પર ચર્ચા કરો, તેમાં શું વળે ? આજે ઘણી ચર્ચાઓ ચાલે છે. અને એમાં જોવા જાઓ તો કંઈ નહી, એ જ. માન, એજ ક્રોધ, એજ ઈર્ષા, એ જ મારૂં તારૂં, એ જ ગંદુ બોલવું, ગંદુ વાંચવું, અરે ગંદુ હોય તો પણ રૂપિયા ખર્ચીને જોઈ લેવું. આ એક સ્વભાવ છે. આટલું બધું અંદર ચાલતું હોય તો પણ લોકો કહે, ચાલો ધર્મની ચર્ચા કરીએ પણ હું આપને કહું ધર્મ એક જ એવી વસ્તુ છે કે જે ચર્ચાનો વિષય નથી. માત્ર આચરણનો વિષય છે. અને આપ જયારે આચરણ કરશો, તમે જો જો તમારૂં જીવન અમીધારા બની જાય છે. તમે જયારે ક્રોધનો Control કરશો, ક્રોધનો વિજય કરશો, દુનિયામાં જયારે તમારા ઉપર ઝડીઓ વરસતી હોય ત્યારે અડગ અને સ્વસ્થ થઇને રહી શકશો. લોકો કહેશે તારા માટે મેં આટલુ કહ્યું, લોકો આટલું બોલે છે પણ તારા મો પર કરચલી પણ નથી ત્યારે તમે કહેશો, કોકને કહેતો હશે, મને કયાં કહે છે, હું કયાં લેવા તૈયાર છું. બુદ્ધની પાસે એક ભાઈ આવ્યા, જેના ભત્રીજાને બુધ્ધે દીક્ષા દીધી હતી, અને એ ભત્રીજો બહુ હોશીયાર હતો, એને ખબર પડી એટલે તે એકદમ આવ્યો બુદ્ધ પાસે, એને ખબર નહી કે બુદ્ધ કોણ ? બુદ્ધ ઝાડ નીચે બેઠા હતા, ખૂબ બોલ્યા. ગામમાં છોકરાઓને મુડવા, લુંટવા નીકળ્યો છે. તને બીજુ કંઇ સૂઝતું નથી. મારો ભત્રીજો કેટલો હોંશિયાર, એક રત્ન હતું. એને તે સાધુ બનાવી દીધો. હવે કમાણી ઘરમાં કોણ કરશે ? લોકો શું કહે ડોબા જેવો, ભાટ હોય તો લઇ જાઓ મહારાજ. કામનો હોય તો અડશો નહી અને તેમ છતાં એ લોકોને સારા સાધુઓ જોઇએ છે. ઘણા એમ કહેતા હોય છે, અહીં તો ખબર નથી, ઇન્ડી-યામાં તો કહે છે, મહારાજ મારા બાપાને સાધુ બનાવી દો હવે. મેં કહ્યું અત્યાર સુધી બિચારાએ વૈતરૂં કર્યું હવે તું રવાના કરે છે. એણે જાડા કપડાં પહેર્યાં, મહેનત કરી, પોટલા ઉપાડી ઉપાડીને ફર્યા, પૈસા ભેગા કરી હવે મકાન કર્યું એટલે કહે હવે જાઓ ઉપાશ્રયમાં અમે ખુશીથી બે જણાં રહીશું. એટલે

ઘણીવાર લોકો એમ માનતા હોય છે કે કામના માણસોને તમે કાંઇ દીક્ષા બીજી આપતા કરતા નહી. નકકામા હોય તેને તમે ઉઠાવી જાઓ, એટલે પેલો ગરમ થતો, બધું બોલ્યો, માણસ આવેશમાં આવે ત્યારે બધુ બોલે ન કહેવાનું કહે, આ ધ્યાન રાખવાનું છે કે કોઈપણ માણસની પાસેથી વાત કઢાવવાની હોય તો તેને ગરમ કરો બીજુ કાંઈ નહિ, એ બધુ કહી દેવાનો, ઓકી દેવાનો. જયાં સુધી માણુસ ઠંડો છે. ત્યાં સુધી નહીં બોલે, દૂધ તપેલીમાં છે તે છલકાતું નથી, ખૂબ ગરમ થાય એટલે ઉભરાઇ જાય, જે ઉભરાતાં દૂધની હાલત છે તેજ માણુસના મનની હાલત છે. એ જેટલા ગરમ થનારા માણુસો છે તે દુનિયાને તો શું નુકશાન કરે, મને ખબર નથી પણ પોતાને તો નુકશાન કરી જ બેસે છે. હું આપને કહું ક્રોધ બીજાની ખાતર નહી પણ આપણા ભલાની ખાતર પણ કરવાનો નથી પણ એ કયારે સમજાય, ધર્મ આવે તો જ સમજાય, બાકી તો લોકો એટલા ગરમ થઈ જાય, એટલું જૂઠું બોલે અને ક્રોધ આવે ત્યારે પોતાને ગાળો બોલે અને કહે કે મારા જેવો દુનિયામાં કોઇ મવાલી નથી, એનું ટેપ કરી લઇએ અને કહીએ કે કેમ છો મવાલી ભાઈ! પછી પેલી ટેપ સંભળાવીએ. મને તું મવાલી કહે છે. માણુસ જયારે ક્રોધમાં આવે છે ત્યારે ન બોલવાનું બોલે છે. એને ખબર રહેતી નથી, પોતાને જે ગાળ દે તે બીજાને દે તેમાં નવાઈ શું ? જે પોતાને નુકશાન કરવા બેઠો છે તે જગતને નુકશાન કરે તેમાં નવાઈ શું ? એટલા જ માટે ડોકટર મેયો જેની મોટી હોસ્પીટલ અને કલીનીક અમેરીકામાં અને ઇગ્લેન્ડમાં ચાલે છે. ડોકટર મેયોના બોસ જયારે ખૂબ ગરમ થઇ ગયા. એમને આવીને પૂછયું.

Why Don't you answer me? Don't you hear me? સાંભળતો નથી ? ત્યારે ડો. કહ્યું, one mad man is enough in this Room એક પાગલ બસ છે. બેનુ શું કામ છે ? કારણુ કે એ ગરમ થયો, મેડ થયો, આવેશમાં આવ્યો. એક જ બસ છે. બેનું શું કામ છે? એટલા જ માટે ભગવાને એક જ કહ્યું. આપણે આપણા કષાયોને જીતવા માટે અંદર ઉતરવાની જરૂર છે. તમે જેટલા અંદર ઉતરો તેટલા કષાયોને જીતતા જાઓ, માણુસ કેટલો અંદર ઉતર્યો છે તેનું બેરોમીટર આપણે જોઈતું હોય તો એકજ છે, કષાયોને કેટલા જીત્યા એ એનું માપ છે. બીજા માપ ખોટા છે. કારણુ કે તિલકો કેટલા બધા અહી અહી થઈ શકે છે. અને ચંદન તો બહુ સસ્તામાં મળે છે. ઘસવું હોય તો ટીલાં ટપકાં એ બેરોમીટર નથી, અંદરનું માપ નથી નીકળતું અને માળાઓ પણ ગણી નાખી શકાય છે. માળાઓ ખરીદી પણ ઘણી શકાય છે. એ બહારના ચીહ્નો ઠીક છે. તમે એને Respect આપો પણ એ અંદરના જે જીવનનું માપદંડ નથી. અંદરનું માપદંડ તો એ છે કે એ માણુસ કેટલો ક્રોધને લીધે કેટલો માયાને લીધે, આવી વિકટ પરિસ્થિતિમાં કેટલો સ્વસ્થ રહી શકે છે, તે તેનું માપ દંડ છે. અને એ આપને માટે પણ માપ રાખજો. લોકો ઘણી વખત મારા માટે કહે. ત્યારે હું કહું કે હું મને જાણુતો નથી તો તું કયાંથી જાણે ભાઇ, કારણ કે પોતાને પોતે જાણે પણ ઘણીવાર પોતે પણ જાણુતો નથી. બહુ થોડા માણુસો પોતાને જાણુતા હોય છે, એટલે આપણે વિચાર એ કરવાનો હોય છે કે, જે સમયમાં માણુસ બેલેન્સ રાખી શકે, વિકટ પરિસ્થિતિની અંદર સ્વસ્થ રહી શકે, એટલે એને સાધનાની અંદર ઉડયન કર્યું છે. આવા સમયે બહુ જ શાંતિ રાખવી જોઇએ. બુધ્ધે બહુ જ શાંતિ રાખી, એ. ખૂબ બોલ્યો, પણ ધ્યાન રાખજો કે મૌન કરનારો માણુસ કદી થાકતો નથી. બોલનારો થાકી જાય છે. બોલી બોલીને કહે કે ગળુ દુઃખવા આવ્યું પણ મૌન કરીને એમ કહે કે ગળુ દુઃખવા આવ્યું ? કદી નહી. બોલનારા માણસને માફી માંગવી પડે છે પણ મૌન કરનારાને માફી માગવી પડે છે કે ભાઇ મેં મૌન કર્યું, મને માફ કરજો. મૌનની મઝા બહુ છે. એટલા જ માટે આપણે પ્રેકટીસ કરવી જોઇએ, તમે પા કલાક અડધો કલાક કરી જુઓ અને એ થઈ જશે તો એ વખતે શાંતિ રાખતા થશો. અને કેટલીક પળો એવી હોય છે કે એ સમયે તમે ન બોલો તો પશ્ચાતાપ કરવા વારો આવતો નથી. અને આપણો પ્રસંગ બગડી જાય છે તે બગડતો રહી જાય છે. આખી દુનિયામાં આપને ખબર હોય કે ન હોય માત્ર શબ્દોના WAR ચાલતા હોય છે,

બોમ્બાર્ડમેન્ટ પછી થાય, લશ્કરો પછી ઉતરે છે, એકાદો શબ્દ એ ભલે પછી નીકસનના મોઢાથી નીકળે કે જોન્સનના મગજથી નીકળે, એ એક એક શબ્દ નીકળે છે તેના પછી રાજદ્વારી માણુસો વાંચે અને વીચારે અને બધી તૈયારીઓ થઇ જાય છે. એક રાજદ્વારી માણુસ એક શબ્દ બોલે ભાષણમાં અને બીજુ નેશન તૈયાર થઈ જાય છે. ચાલો આપણે તૈયાર થઇ જઇએ અને આખું લશ્કર તૈયાર થઇ જાય છે. શા માટે એક શબ્દમાં. વેપારમાં પણ એવું છે. ભાગીદાર એક શબ્દ ભૂલથી બોલે અને બીજો ભાગીદાર ચેતી જાય, ઘરની અંદર પણ આજ છે એટલે દુનિયામાં જે નુકશાનો થાય છે તે આપણુને કલ્પના પણ નહી હોય, મોટામા મોટા જે નુકશાન થયા છે તે શબ્દોથી શબ્દો કેમ વપરાય છે, કે આત્મજ્ઞાન નથી એટલે કામ વીનાના ઉપયોગ વીનાના, સમજ વિનાના શબ્દો ફેંકેજ રાખે છે લોકો જાણે કે આપણે પરભાવના કરવા બેઠા. શબ્દોની તો પરભાવના હોય ભાઈ, મને એક પ્રસંગ યાદ આવે છે, મારૂ વ્યાખ્યાન હતું. એમાં પાંચ વકતાઓ બોલનારા હતા. એક વકતાને બોલવા ન મળ્યું, કારણ કે સમયની મર્યાદા હોય છે, એને બોલવાની જગ્યા ન મળી, બોલવાનું રહી ગયું, એ માણુસ એટલો ગરમ થઇ ગયો, બસ મને બોલવા ન મળ્યું, મહારાજ આવ્યા છે પણ મારે ઉપાશ્રયમાં પગ નથી દેવો, એ વખતે મને વિચાર આવ્યો કે અરે ભાઇ આપણા બદલે બીજા બોલે તો એમ કહો કે મને આરામ મળ્યો, પણ આ માણુસના મનમાં એટલી બોલવાની બેચેની હતી, તલપાપડ, હતો એથી એ દુઃખી થયો. આપણે ત્યાં જ્યારે નાત ભેગી થાય, સમાજ ભેગો થાય, ઘરમાં બધા ભેગા થાઓ ત્યારે કેટલો અવાજ થાય છે. કોઇ કોઇને સાંભળતા નથી. એટલા માટે લોકો ગમે તેમ કરતા હોય પણ આ ટાઢમાં આટલા બધા તમો સાંભળવા આવ્યા છો તો જીવનમાં એટલું વિચારજો, તોલીને બોલવું, તો બહુજ ફાયદો થવાનો અને બીજો આપણા બદલે બોલે તો કહેજો કે, બહુ સારૂ થયું ભાઇ તમે મને આરામ આપ્યો. એમ શબ્દોને તોલવાના છે. એટલા માટે ભાષા સમિતિ કહેવાય છે. જેવી રીતે સમિતિ એટલે Control, બોલો તો વિચારી વિચારીને બોલો, પણ લોકો એટલું બધું બોલે છે અને પાછું જયારે અતિચાર બોલે ત્યારે ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ અને આખા દિવસમાં એટલું બધુ ભડભડ બોલે અને વિચાર ન કરે કે કેટલું બધુ બોલ્યું કેવું બોલી નાખ્યું છે. હું માનુ છું કે આજે સુત્ર બોલનારના લખાણમાં, બોલવામાં કદી પણ ભાષા કડવી, નકકામી, દુઃખ ઉત્પન્ન કરે તેવી કર્મ બાંધે તેવી. નીકળે નહી, પણ એ બિચારાઓને ખબર નથી કે લખવામાં પણ ભાષા સમિતિ નહી, બોલવામાં પણ ભાષા સમિતિ નહી અને પાછું સુત્ર બોલવામાં સબળા હોય છે. ભાઈ એટલા માટે આપને કહું છું કે સુત્રનો અર્થ સમજો બરાબર સમજો. તો જ આપને મઝા આવશે, બહુ ઓછા શ્લોકો બોલો, જેટલા બોલો તેટલા સમજીને બોલો, અને અટકી જાઓ, અટકો તો જ ત્યાં ટકો છો. જૈન ધર્મમાં એક પ્રસંગ આવે છે. અતિમુકત નામનો એક બાલસાધુ પાણીમાં નાના ખાબોચીયામાં છબછબીયા પાત્રા લઇને કરે છે અને પછી ગૌતમ સ્વામી ગુરૂ મહાવીર પાસે લાવે છે અને કહે છે. ભગવાન અતિમુકત નામના સાધુએ વરસાદ આવ્યો તેમાં ખાબોચિયાં ભરાયા, તેમાં લાકડાની કાચલી પાણીમાં મૂકી, નૌકા કરી પાણીની વિરાધના કરી છે. દેડકાં-ઓને હેરાન કર્યા, આ બધુ કર્યું. એને પ્રાયશ્ચત આપો, ભગવાન પાસે અતિમુકત ઊભા છે. એમને ઇર્યાવહિયા કર્યા, એ સુત્ર આવે છે, એ સુત્ર ધીમે ધીમે બોલે છે. પણગ-દગ એ વિચાર કરતો કરતો અંદર ઉતરી ગયો, એ વિચાર કરે છે કે મેં શા માટે દેડકાઓને હેરાન કર્યા? મારી કૌતુહલ વૃત્તિથી મેં શા માટે જીવોને પરિશાન કર્યા? એમ વિચાર કરતાં કરતાં એને કેવલજ્ઞાન થઇ ગયું. આ તો એક પડદો છે. ઉપડી ગયો તો ત્યાં જ દેખાય છે, બહાર લેવા જવાનું છે જ નહી. અહી તો બહાર કયાં એ નથી, અંદર જ છે. માત્ર એક પડદો છે. પણ પડદો આપણે દિવસે દિવસે જાડો જાડો બનાવતા જઈએ છીએ પણ પાતળો બનાવવાનો છે એની પાછળ અહમ, મારૂં, મમત્વ છે તેથી જાડો થતો જાય છે. અને એ પડદો જો ઉંચકી જાય તો હું કહું છું કે સરસ દેખાય પણ કયારે પણગ-દગ વિચાર કર્યો અંતરમાં ઉતરી ગયો, શબ્દને સંસ્કૃતમાં અક્ષર કહે છે, શબ્દને

અક્ષરનો વિચાર કરતાં કરતાં આત્મા અક્ષર પણ ક્ષર એટલે અ થવું, ક્ષર મૃત્યુ પામવું. ક્ષર એટલે ખલાસ થવું અને અક્ષર એટલે અમર થવું, આ આત્મા અક્ષરનો વિચાર કરતાં કરતાં અમર થવું, ન ક્ષરતી તે અક્ષર :– અમર થઇ જાય, વિચાર કરો તો ને ? પણ આપણે તો બહુ ઉતાવળ છે, મોડુ થઇ જાય છે. વિચાર કરવા ઊભુ કોણ રહે ? આપણે ઝડપથી જઇ રહ્યા છીએ, ઝડપને ઘટાડવાની છે. ઝડપ ઘટે એટલે શાંતિ આવે છે. પેલો ખૂબ બોલી રહયો એટલે બુધ્ધે પૂછયું, બોલી રહયા તમે ? પેલાએ કહ્યું, હા હું બોલી રહ્યો. પછી બુધ્ધે હસીને કહ્યું. આટલી બધી વાતો કરી, ગાળો દીધી, કડવા શબ્દો કહયા. હવે હું તમને એક વાત કહું ? તેણે કહ્યું પૂછને ? માણસ ગરમ હોય ત્યારે મોટાને પણ ટુંકારો દે અને પોતે એમ માને કે હું કેવો કે બીજાને ટુંકારો દઇ શકું છું અને બીજાની સામે જુએ કે મે કેવો તુંકારો દીધો. માન દેવામાં મહત્તા છે. ટુંકારો દેવામાં શું છે ? ચમાર હોય, ઢેઢ હોય તે પણ ટુંકારાથી અંદર અંદર આમ વાત કરતા હોય છે, જેમ જેમ સંસ્કારિતા વધતી જાય, તેમ તેમ ભાષાનું Culture વધતું જાય છે. બુધ્ધે કહયું ભાઈ તમે તમારા ખીસાની અંદર એકમાં પથ્થરા લઇને આવ્યા, અને હું હીરા લઇને આવ્યો, તમો પથ્થરા કાઢો ને મને આપવા માંડો અને હું લઉં તો તે કોની પાસે ? મારી પાસે અને હું ન લઉં તો, કહે તમારી પાસે રહે તમે જે આ બધી વાતો કરી તે મારે જોઇતી નથી. તો તે કોની પાસે રહી ? પેલો એકદમ નમી ગયો, મે આટલું કહયું, આટલું આટલું સંભળાવ્યું, ગાળો દીધી, પણ તેને ટૂંકમાં એક જ ઉત્તર આપ્યો કે તમે જે કંઇ આપ્યું એ મારે જોઇતું નથી, હું એનો ઘરાક નથી, એનો ખરીદનાર નથી, જે એનો ઘરાક હોય તેને આપો, તો જે લે તેને પકડો, લેવું નથી તો કોઇ આપતું નથી. આ જીંદગીમાં આ સમજવાનું છે. કોઇ પણ માણસ તમારા માટે કહે, બોલે તો તમે શું કરવા લો છો ? શું કરવા એના ઘરાક બની જાઓ છો? જો તમે ઘરાક નહી બનો તો તેનો માલ તમારે લેવ નહી આવે, એ એની પાસે રહેવાનો અને લોકો પણ કહેશે એ લેતો નથી તો તું શું કરવા એની પાછળ પડે છે. પણ આપણે તરત આઇડેન્ટીફાય કરીને એની સાથે આપણી જાતને જોડીને લઇ લીધા, ગળે પહેરી લીધા છે અને આ વાત જો સંસારમાં આપણે સમજીએ તો આ સંસારમાં ઘણી ઘણી વાતો આપણા દુઃખો, આપણી વ્યથાઓ અને મનની પીડાઓ, મુડ ગુમાવી દેવાની અવસ્થાઓ, એ કહેતો હતો અને કહેતી હતી તેમાંથી ઊભા થાય છે, બહુ નાનકડી વાતો છે. એ નાનકડી વાત આનંદને મારી નાખે છે એટલે માણસે એ વિચાર કરવાનો છે કે પોતાની જાતને આ બધાથી જોડવાનો નહી, પર રાખવાનો છે. પર કયારે રાખો કે તમો તમને જાણો તો. જયાં સુધી પ્રવાસી જાણે નહી કે હું કોણ છું, શું લઈને નીકળ્યો છું, વાહનથી હું ભીન્ન છું, પણ એને તો વાહનથી આઇડેન્ટીફાય, પોતાની જાતને કરવી છે હું કોણ ? રાજકુમારે એમજ કહયું હું રાજકુમાર, પેલા સાધુએ કહયું બહુ સારી વાત છે, આપ પધારો રાજકુમાર, બીજો હતો, એને પુછયું, આપ તો જાણુતા જ હશો કે આપ કોણ છે ? એ જરા પેલા રાજકુમાર કરતાં નરમ હતો.

હું નગરશેઠનો દીકરો છું, અને મને થયું કે હું બે વાતો સાંભળું, સાંભળું તો આનંદ આવશે.

પેલા સાધકે કહયું - સારી વાત છે.

તમો બન્ને એવા છો કે તમો તમને જાણો છો, એટલે મારે કંઇ કહેવાનું રહેતું નથી.

પેલા ત્રીજાને પુછયું, એ શાંત બેઠો હતો, ધર્મની મઝા શાંતિમાં છે, આ જગતમાં ખરેખર જો કંઇ આનંદ દાયક હોય, સુખ દાયક હોય તો શાંતિ છે. પણ એ શાંતિથી મનમાં તોફાન ન હોય, મનમાં અજંપો ન હોય, મનમાં ઉલ્કાપાત ન હોય તો અને મનમાં બળતરા ન હોય તો મઝા આવે છે. પણ જેના મનમાં ઉલ્કાપાત છે તેને તો શાંતિ સ્મશાન જેવી લાગે છે. એને થાય કે કોઇને લાવો કોઇ ન હોય તો રેડિઓ ચેન્જ કરે, અવાજ જોઇએ છેઃ એકલો પડી ગયો, જો જો તમે એકલા નહિ જાઓ, કંપની જોઇએ છે.

મંદિરમાં જાઓ તો કંપની, તીર્થમાં જાઓ તો કંપની, ધર્મ ધ્યાન કરવા જાઓ તો કંપની. તમને બીક છે કે જો એકલો પડયો તો અંદરથી આવાજ આવશે કે હું કોણ છું? એ તો આપણને પાલવે નહિ, આપણે જાણીએ છીએ કે આપણે કયાં છીએ? શાંતિ ગમતી નથી. શાંત કયારે ગમે કે જયારે મન શાંત થાય, ત્યારે એવી શાંતિ ગમે, પછી અવાજ ગમે નહિ. ધાંધલ ગમે નહિ, અને એ અવસ્થા પ્રાપ્ત થાય પછી એકલા બેઠા હોય તો રાજી રાજી થાઓ, કોઇ આવી જાય તો જરૂર વાત કરો પણ ન આવે તો તેને માટે Craving નહિ કરો. આપણે તરવરાટ છે, ઝંખના છે, કોઈ સાથ આપે, કોઈ આવે કોઈ મારી એકલતા દૂર કરે, આ એકલતા આપણને ખટકે છે. ખરી વાત તો એ છે કે એકલતા આનંદ આપે એવો મૌનથી શાંત બેઠો છે આ પચાવ્યું છે. હું કહું છું કે આ વસ્તુ આપ થોડીક સમજી લેશો, તો પછી આઠ વ્યાખ્યાન સાંભળશો કે પંદર વ્યાખ્યાન સાંભળશો, તો તમે એમ કહેશો કે હવે અમને દ્રષ્ટિ મળી ગઇ છે. મહારાજ ચિત્રભાનું ભલે હવે તમો બે વર્ષે આવો કે ગમે ત્યારે આવો પણ હવે આ વસ્તુ તો અમે બરાબર પચાવી છે, અને એમ આવવું જોઇએ, આ સ્પ્રીંગના બારણા જેવું ન હોય, બાંધ્યું હોય ત્યાં સુધી રહે અને પછી છોડયું એટલે બસ ઉછળે. મહારાજો લાવો, સાધુઓ લાવો એ કોઇ ખોટી વાત નથી. સાધુઓને સાંભળવા, તે પણ સારી વાત છે, અને તમારી માંગણી પાછળ ભાવ સુંદર છે, તમારી માંગણીને વધાવવા જેવી છે. પણ માણસે એવી અવસ્થા કેળવવી પડે છે. સંજોગ ન મળ્યો, નિમિત્ત ન મળે, એવું ન મળે તો પણ પોતાનું બેલન્સ ટકાવી રાખે છે. એવું તો નથી કે રોજ મળ્યા કરે એવી તો પળો આવી જાય છે, એવી પળોમાં કોઈ કહેનાર નથી હોતું, અને પ્રલોભનના પ્રસંગો એકાન્તમાંજ મળે છે. એ વખતે કોણ કહેવા આવે? કોણ સાધુ આવે? કોણ ભગવાન આવે? અંદરનો ભગવાન તો બેઠેલો જ છે. પણ એ અવસ્થા કેળવવાં માટે થોડીક પ્રેકટીસ કરવી પડે છે. અને અહીં થોડાઠ દિવસો જે આપણા નકકી થશે તે તમને મળશે. જો તે થોડાંક દિવસોમાં આ અવસ્થા કેળવી શકશો તો તમને લાગશે કે તમારા જીવનનું ભાથુ મળી ગયું, એક ખજાનો મળી ગયો. અને તમે કહેશો કે નહીં મને રસ્તો જડી ગયો. અને એ રસ્તો મેળવવા માટે આપણે થોડીક શાંતિ કેળવવી પડશે. આથી જ ગુરૂએ ત્રીજા શાંત બેઠેલાને કહ્યું "હે! ભાઇ, આ બે બોલી ગયાં. તું કેમ બોલતો નથી? તું કોણ છે?" પેલાએ હાથ જોડીને કહ્યું ભગવાન, હું કોણ છું તે હું જાણતો હોત તો હું તમારી પાસે શું કરવા આવત? હું જાણતો નથી અને એ જાણવા માટે તો આપની પાસે આવેલ છું." ગુરૂએ કહ્યું, "તું સાચો માણસ છે. તું એક ખરેખરો જીજ્ઞાસુ છે. પેલા બે આવ્યાં તે પોતાની જાતને જાણતાં હતાં. એક કહે હું રાજ-કુમાર છું, બીજો કહે હું નગરશેઠનો દીકરો છું. પણ આ કહે છે કે હું જાણતો નથી એટલે જાણવા આવ્યો છું. પાત્ર જયારે ખાલી થાય તો ભરાઈ જાય છે. પણ અંદર ભરી ભરીને જઇએ તો શું ભરાય? આપણે ભરીને જઈએ, દેખાવ કરવા જઈએ, કેટલીકવાર અમે કેટલું બધું જાણીએ છીએ તે બતાવવા જઇએ. ત્યારે રેડનારો રેડયા કરે પણ એટલું બધું ભર્યું હોય કે ઉપરથી ચાલ્યું જાય છે. માટે જયાં જયાં જવું હોય તો ખાલી જ જજો. આપ ખાલી થઈને નહી જાઓ તો કંઇ લઈને નહીં આવો. એમાં નુકશાન કોઇને નથી. જો હું જાણું છું એમ કરીને જશો તો રેડનાર રેડયા કરશે, પણ એ ચાલ્યું જશે. તમારા પાત્રમાં કંઈ નહી આવે. અને જીંદગીમાં જયારે અમૃત રેડાતું હોય ત્યારે અંદર ભરીને કંઇ જવાની જરૂર નથી. કારણ કે પાત્ર તો એટલું જ છે. પાત્ર ન મોટું થાય કે ન તે નાનું થાય. પાત્ર ખાલી રાખીએ તો ભરાઇ જાય અને ભરેલું રાખીએ તો ઉપર થઈને ચાલ્યું જાય. આપણે જો જાણકારીનો ગર્વ કરીને જઈએ, ભરીને જઈએ તો રેડનારો તો રેડશે પણ આપણી પાસે કંઇ નહીં રહે એટલે હું આપને કહું છું, be a good listerner પહેલાં તમે સારાં શ્રોતા થાઓ. બીજું કંઇ નહીં પણ ખાલી શ્રોતા થાઓ. અને જયારે શ્રોતા થાઓ ત્યારે સાંભળ્યા જ કરો. તમે તેની Argue ન કરો, દલીલ ન કરો એની સામે એમ ન કહો કે આ મહારાજે તો જૈનનું કહ્યું, વૈષ્ણવનું કહ્યું, આ બ્રાહ્મણનું કહ્યું. આ અહીંનું કીધું, આ આગમનું કીધું, કારણ કે તમે

એકની સામે કહો એટલે આ જૈનનું છે એટલે મારે કામનું નહી, આ મહાવીરનું છે એટલે મારે સાંભળવાનું નહીં. જયાં આ દિવાલ આવી ગઇ, ટકરાઇને વસ્તુ પાછી આવે છે. આ આપણું કોઈનું નથી હું આપને ખાત્રીથી કહું છું આ પરમાત્માનું છે. આ જે પરમતત્વ પામી ગયા એનું છે. એટલા માટે સૌ જ્ઞાનીઓનું છે. બસ ખાલી થઈ જાઓ અને એકાગ્રતાથી સાંભળો શાંત થઇ જાઓ બીજી બધી વસ્તુઓને ભૂલીને એકરાર થઇને સાંભળો, તમારા મન ઉપરા વિચારો ઉપર, તમારા આવેશો ઉપર આ એવું મલમપટાનું કામ કરે છે કે ધીમે ધીમે અંદરના તોફાનો, આવેશો શાંત બની જાય છે. એ શાંત બને છે ત્યારે અંદર આપણે ભરી શકીએ છીએ. આ તત્ત્વજ્ઞાન અંદર ઉતારી શકીએ છીએ. એટલે એણે પણ કહ્યું કે હું જાણતો નથી. હું જો દેહનો ગર્વ લઈને જાઉં. ફલાણું મારૂં નામ છે, ફલાણું મારૂં ગોત્ર છે, ફલાણી મારી કોમ છે, ધર્મ છે, સંપ્રદાય છે. આ બધું ખુબ ભરેલું હોય તો હવે કયાં સમાય ? એવા માણસોને જો કહેવા જાઓ તેમાં જરા પણ સમાય નહીંકારણ કે એ લોકો એટલા ભરેલાં હોય છે. અંગ્રેજીમાં જેને Saturation Point કહે છે. જે માણસ અહંથી ભરેલો છે પછી તે દેહનો, કુળનો, જાતીનો કે આવડતનો અહં હોય એ માણસ બહુ દુઃખી છે. કારણ કે કેટલો બધો ભાર ઉપાડીને તે જાય છે એટલે આપણે ખાલી થવાનું છે. આ માણસ એટલો બધો ખાલી છે કે તે પોતે કોણ છે એ પણ જાણતો નથી. પેલા સંતને થયું આ પોતાની કંઇ ઓળખાણ આપતો નથી. જરાએ જણાવતો નથી. તળિયું દેખાય છે. સાવ ખાલી છે. ગુરુએ કહ્યું કે તું એવડું પાત્ર લઇને આવ્યો છે કે કદાચ આખો મને સમાવી દેશે એણે કહ્યું 'ભગવાન, જેટલું અપાય એટલું આપો. અને મારે એ દિશામાં જવું છે. એ દિશામાં જરા આંગળી ચીંધો, કોઇ પણ સાધુ, કોઇ પણ ગુરૂ, કોઇ પણ શાસ્ત્ર કે કોઈ પણ ભગવાન આંગળી ચીંધવા કરતાં વધારે શું કરવાનાં છે ? ચાલવાનું તો તમારે છે કોણ ચલાવવાનું છે ? પોતાને જ ચાલવાનું છે. આ એક એવો માર્ગ છે જયાં ચાલ્યા વીના પહોંચાય નહીં. અહીં ડોળીઓ કામ લાગતી નથી. પોતાને ચાલવું પડે છે. ગુરૂઓ ચલાવે કે 'ચલ બચ્ચા તેરા કલ્યાણ હો જાયેગા' પણ એ બહુ Dangerous છે. એમ કહેનારા માણસો તમને મુર્ચ્છા આપી રહ્યા છે. 'ચલ બચ્ચા કલ્યાણ હો જાયગા' તો પછી થોડાનું શું કરવા કલ્યાણ કરે છે? આખી દુનિયાનું કલ્યાણ કરને ભાઈ. પણ ના એવું નથી થતું અને આ ભ્રમ છે. જે જુદી જુદી વાતો સાંભળી છે કે કૃષ્ણ માટે વૈકુંઠનું વિમાન આવ્યું અને બીજા રહી ગયાં. ના એ બધી કિવદંતીઓ છે, રૂપકો છે. એ જો વિમાન હોય તો પોતાનુંજ છે અને એ વિમાન માટે પોતાને ચાલવું પડે છે. અને એ જયારે પોતે ચાલે છે ત્યારે પોતાની સાધનાથી જે મળે છે તે અદ્દભૂત મળે છે. તો આપણે એ સમયમાં એજ વિચાર કરવાનો કે પેલો શિષ્ય એટલો ખાલી થઇને આવ્યો છે એ કહે છે કે બસ જરા આંગળી ચીંધો, હું ચાલવા માંડીશ. (ક્રમશઃ)

---

પૂ. શ્રીના દર્શનાર્થે અને પર્યુષણની આરાધના કરવા અત્રેથી મોમ્બાસા બાવીસ ભકતોનું પ્રયાણ.

પૂ. શ્રીએ મોમ્બાસામાં પર્વની આરાધના કરવી પણ ભકત મંડળે ડીવાઇનના હોલમાં આઠ દિવસ પર્વના વ્યાખ્યાનોની ટેપોમાં પૂ. શ્રીની વાણી દ્વારા શ્રવણ કર્યું હતું. પૂ. શ્રીના ફોટા આગળ કલ્પસુત્ર વહોરાવ્યું, પુજાના ઘી બોલાયા, જ્ઞાનપુજન થયું અને દરેક દિવસે રૂપિયા, શ્રીફળ અને શાકરની ભકતોએ પ્રભાવના કરી. પર્વની આરાધના કરી. દર રવિવારે સવારે સાડા નવથી ઉપરના સ્થાનમાં આફ્રિકાના પ્રવચનની ટેપો મુકાય છે.

# શ્રી જૈન શ્વેતાંબર દેરાવાસી સંઘ, મોમ્બાસા

## સંવત ૨૪૯૭ ના ભાદરવા શુદ ૫ ના ગુરૂવાર તા. ૨૬–૮–૭૧ ના

# પૂ. મુનિશ્રી "ચિત્રભાનુ" મહારાજની વિદાય સમયનું

## શ્રી સંઘના પ્રમુખ શ્રી જુઠાલાલ દેવચંદ શાહનું પ્રવચન.

પૂ. વંદનીય, મુનિશ્રી " ચિત્રભાનુ " મહારાજ, પૂ. વડિલો, બહેનો તથા ભાઈઓ.

સ્મરણપટ ઉપર ૫૪ દિવસ પહેલાનું દ્રશ્ય આજે તરવરે છે. મંગળવાર તા. ૬-૭-૧૯૭૧નો શુભ દિવસ હતો અને લગભગ સંધ્યાના સમયે, આપણે સહુ હૃદયના ઉમળકાભેર પૂ. મુનિશ્રીનું સ્વાગત કરવા આજ સ્થળે એકત્રીત થયા હતા અને આપણી અંતરની ભાવના, સાગરના મોજાની જેમ ઉછળી રહી હતી. શ્રી સંઘના શ્રાવક –શ્રાવિકા તથા અન્ય ભાવિકોના હ્રદયમાં પૂ. મુનિશ્રીના પ્રથમ દર્શનથી ધાર્મિક લાગણીઓ અને પ્રેમના પૂર બે કાંઠે વહી રહ્યા હતા. તે સમયના એ સ્વાગતના હર્ષના સ્થાને આજે પૂ. મુનિશ્રીની વિદાય સમયે આપણા હ્રદયો કંઈક શોકની લાગણીઓ અનુભવે છે, પરંતુ માતૃ–પિતૃ તથા ગુરૂદેવના અંતરના અમીના છાંટણાં જ હોય, તેનો ધરવ ન થાય કે તેના વરસાદ ન વરસે.

વરસાદ વરસે તેમની અનુભવવાણીના, વહેણું વહે તેમની જ્ઞાનગંગાના, તેમાંથી પીવાય એટલું પીઓ, ઝીલાય એટલું ઝીલો.

મને આત્મસંતોષ છે કે તેમની અનુભવવાણીના જ્ઞાનામૃતના પાન તો આપણે સહુએ ખોબે ખોબે પીધાં છે. પણ એ જ્ઞાનામૃત આપણા જીવનમાં કેટલું પચાવીએ છીએ તે આપણી પોતાની પાત્રતા ઉપર અવલંબે છે અને આપણી સુષુપ્ત આત્મશકિતને કેટલી જાગૃત કરી શકીએ છીએ એ આપણા પુરૂષાર્થ ઉપર અવલંબે છે.

વ્હાલસોયા માતાના એકના એક પુત્રના પરદેશ ગમનથી જે લાગણી માતાના હ્રદયમાં ઉદ્દભવે એ લાગણી આજે આપણા અંતરની છે અને એ ઉંડા અંતરની આપણા "ચેતન "ની લાગણી પુદ્દગલરૂપી શબ્દોથી કેવી રીતે વ્યકત થાય ? પૂ. મુનિશ્રી તો સંસારી નથી પણ સંતની ભૂમિકાએ પહોંચેલા જાગૃત આત્મા છે. ચિંતન દ્વારા સાર–અસારનો તાગ મેળવ્યો છે. એમના માનસપટમાં પુરૂષાર્થથી મેળવેલા જ્ઞાન પ્રકાશના બળ વડે શુભ–અશુભ લાગણીઓને વેદવાનું સામર્થ્ય છે, આત્મબળ છે. પોતે એક જગતના પ્રવાસી છે અને મનુષ્ય જીવનનું ધ્યેય આત્માને ઉર્દ્વગામી બનાવવાનું છે. એ સત્ય તેમણે જાણ્યું છે અને તેને પચાવી જીવનપંથની આગે કૂચ કરી રહ્યા છે, જેથી સંસારી મોહમાયાની લાગણીથી પર છે.

આજના વિદાય પ્રસંગે હું પૂ. મુનિશ્રીને શ્રી સંઘ વતી વંદના કરૂં છું. તેમણે અમારા, આમંત્રણને સ્વિકારી, અત્રે પધારી, આપણને અજ્ઞાનરૂપી અંધકારમાંથી દિવ્ય પ્રકાશ લાવવાનો સાદો અને સરળ ધોરી માર્ગ બતાવ્યો છે. તેમની ભાષામાં કહું તો જીવનરૂપી બાગને સ્વર્ગસમ બનાવવા માનવતાના ઉચ્ચ ગુણો સમજી, જીવનમાં ક્રમે ક્રમે આચરી દુર્ગતિના વમળમાં ખેંચતા કામ, ક્રોધ મોહ અને માયાને તજીને માનવમાંથી પૂર્ણ માનવ બનવાના પંથ તરફ પગરણ માંડીએ. તેમના ભગીરથ પ્રયત્નને આપણે સફળ બનાવીએ અને આ દેશમાં જેમના પગલાં અશકય ગણાય તેને શકય બનાવી સત્યને સાદી સીધી મધુર શૈલીમાં આપણને બોધ આપ્યો કે "તમારા જીવન બાગમાં સદ્દવિચારરૂપી બીજના વાવેતર કરો, પ્રેમ, કરૂણા, મૈત્રી અને ક્ષમા ભાવનાના જળથી છોડને ઉછેરી, અને સદ્દગુણની માવજત કરી, જીવનબાગના માળી બનો, પછી જુઓ કે એ બાગ કેવો સુંદર રીતે ફૂલેફાલે છે."

છેલ્લે આજના વિદાય પ્રસંગે હું અંતરના ભાવથી શ્રી સંઘની કાર્યવાહી સમિતિ તથા સમસ્ત

સંઘના શ્રાવક-શ્રાવિકાઓવતી પૂ. મુનિશ્રીને વંદના કરૂં છું. ઉપરાંત શ્રી સંઘ વતી શ્રી વિસા ઓશવાળ જ્ઞાતિ, નાઈરોબીનો તથા તેમના ઉત્સાહિ કાર્યકરોનો, આ સંઘને પોતાનોજ માની એકત્વની ભાવનાથી પૂ. મુનિશ્રીના અત્રેના પ્રવાસને ખૂબ જ સફળ બનાવ્યો છે, તે બદલ અંતઃકરણથી આભાર માનું છું. શ્રી સંઘની જે ભાવના હતી તે સાકાર થઇ છે. આજે મારા વડિલો તથા હું આત્મસંતોષ અનુભવીએ છીએ કે પૂ. મુનિશ્રીની અમૃતસમ મીઠી શબ્દવૃષ્ટિથી આપણાં અંતર લીલા અને પોચા તો જરૂર બન્યા છે એવું હું નમ્રપણે માનું છું.

શ્રી સંઘની પૂ. મુનિશ્રીને નમ્ર પ્રાર્થના છે કે આપે અત્રે આવીને બધું જોયું છે અને અનુભવ્યું છે કે તેમના માત્ર બે માસના ટૂંકા પ્રવાસમાં કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનીયામાં વસતા વિશાળ સમુદાયની જ્ઞાન-પીપાસા બુઝાણી નથી, જેથી ફરીથી પૂરો સમય લઇને તેમના વાવેલા બીજે શું પ્રગતિ કરી છે તે નિહાળવા ફરીથી પધારે, એજ મારી અને સર્વની નમ્ર વિનંતી છે.

પૂ. મુનિશ્રીની આગતા સ્વાગતા કરવામાં ઘણીએ ઉણપો રહી હશે તો ક્ષમાભાવે દરગુજર કરવા મારી નમ્ર વિનંતી છે. "સવી જીવ કરૂં શાસન રસી" ની તેમની ઉચ્ચ ભાવના સદા વીકસો એવી અભ્યર્થના.

# શ્રી સંઘના મંત્રી શ્રી કેશવજી રૂપશી શાહનું આભાર દર્શન

પૂર્વ આફ્રિકામાં જૈનોના ઈતિહાસમાં પૂજ્ય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીની આ દેશની મુલાકાત સુવર્ણ અક્ષરે લખાશે, ફકત એટલું જ નહીં પણ આ દેશમાં વસતા જૈનોમાં અને જૈનેતર ભાઈ બ્હેનોમાં પૂજ્ય મહારાજશ્રીની યાદગીરી તેમના હૃદયમાં કાયમી ટકી રહેશે તેમ કહું તો જરા પણ અસ્થાને નહીં ગણાય.

પૂ. મુનિશ્રીએ અત્રે પધારી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય ને માધ્યસ્થની ભાવનાને સાકાર કરી આત્મકલ્યાણ માટે આત્મ જાગૃતિ લાવવાની જે પાવક પ્રેરણા આપી છે તે બદલ તેઓશ્રીને શ્રી સંઘ વતી અને આપ સહુ વતી હું વંદન કરૂં છું તેમ જ તેઓશ્રીનું આ પ્રેરણા ઋણ વધતું જ રહે તેવી પ્રાર્થના કરૂં છું.

શ્રીયુત મગનલાલ જાદવજી દોશીએ પૂ. મુનિશ્રીને ઉતારાની વ્યવસ્થા કરી આપવા બદલ તેમજ તેમના કુટુંબીજનોએ શ્રી સંઘની જે આગતા સ્વાગતા કરેલ છે તે બદલ દોશી કુટુંબનો હું હાર્દિક આભાર માનું છું.

છેલ્લે શ્રી સંઘના હોદ્દેદારો, કાર્યવાહી સમિતિના સભ્યો, શ્રી સંઘના સર્વ ભાઇ-બહેનોએ, આસાનંદવાળા શ્રી માણેકચંદ જીતરાજ શાહ અને તેમના મદદનીશો તેમજ સ્વયંસેવકો, ગર્લ્સ ગાઇડસ અને સ્કાઉટ્સોએ આ મહાન કાર્યમાં જે સાથ અને સહકાર આપેલ છે તે બદલ દરેકનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે.

મોમ્બાસાની હિન્દી જનતાએ તેમજ બહારથી પધારેલા મહેમાનોએ પૂ. મુનિશ્રીના પ્રવચનોમાં હાજરી આપી પ્રસંગને શોભાવેલ છે તે સર્વેનો હું જાહેર આભાર પ્રદર્શીત કરૂં છું.

પૂ. મુનિશ્રી, આપની આગતા સ્વાગતા કરવામાં આપશ્રીને અમારી ઘણી જ ત્રુટિઓ જણાઈ હશે, તો તે બદલ હું આપશ્રીની ક્ષમા યાચું છું, અને આપ અત્રેથી યુરોપ અને અમેરિકાના પ્રવાસે જઇ રહ્યા છો ત્યારે આપની આ યાત્રા સંપૂર્ણ સફળ થાય અને વિશ્વના અન્ય ધર્મોની હરોળમાં જૈન ધર્મનો વિશેષ ફેલાવો થાય અને તે દ્વારા અનેક આત્માઓ કલ્યાણ માર્ગના પથિક બને તેવી અભ્યર્થના.

# વીસા ઓશવાળ જ્ઞાતિ, નાઈરોબી
# પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ વિદાય સંમેલન

**પ્રેસિડન્ટ : કાંતિલાલ નરશી શાહ** **તા. ૨૯-૮-૧૯૭૧**

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ, માનનિય મહેમાનો, સજ્જનો, સન્નારીઓ અને વહાલા બાળકો, હજી જ્ઞાનની અમારી પ્યાસ છીપાણી નથી, અમારા અંતર આત્માને અમૃતનું સિંચન થયું નથી ત્યાંતો મેઘ ધનુષ્યની જેમ એક ચમકારો આપી પૂ. મુનિશ્રી આપ અમારી વચ્ચેથી વિદાય લઈ રહ્યા છો. આ વિદાયની વેદના, આ વિદાયની જુદાઇ, આ વિદાયની ખુદાઈ કયા શબ્દોમાં આલેખવી એ મારા માટે એક અશકય કર્તવ્ય બની રહ્યું છે, કયા શબ્દોમાં અમારી ભાવનાઓ અને લાગણીઓને વ્યકંત કરૂં, ફકત જૈન સમાજ નહિ, અહીંનો માનવ સમાજ ભીનાહૈયે વિલાપ કરી રહ્યો છે, હકિકતમાં અમારી વ્યથા વ્યકત કરવા માટે શબ્દની શોધમાં હું ભટકયો પણ અફસોસ, મળ્યા નહિ.

અહીંનો લગભગ પ્રત્યેક માનવી એના હૈયામાંથી કહી રહ્યો છે કે પૂ. મુનિશ્રીની અહીં જરૂરીયાત ઘણા વર્ષો પહેલાં હતી, હું માનુ છું કે જયાં સુધી આપણા પુણ્યદય ન થાય ત્યાં સુધી આપણે એ પવિત્ર વાણી અને દિવ્ય જ્ઞાનના અધિકારી બની શકતા નથી, મારા ખૂબજ નમ્ર મત મુજબ આપ ખરેખર કાળના એવા ચોઘડીયે આવ્યા છો કે જયારે કોઇપણ સમય કરતાં આપની અહીં અમને વધુમાં વધુ જરૂરીયાત છે, ફક્ત જૈનોજ નહિ, પણ જૈનેતરો પણ આજે કટોકટીની એક અગ્નિ પરીક્ષામાંથી પસાર થઈ રહ્યા છે, સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક અસ્મિતા ઓશરી જતી હોય એવા એંધાણ ચોગમ દ્દષ્ટિપાત થઇ રહ્યા છે, પ્રત્યેક પુરૂષ અને સ્ત્રી પોતાને પ્રશ્ન પૂછી રહ્યા છે. હું કોણ છું? મારૂં કર્તવ્ય શું છે? મારી મંઝીલ શું છે? ચાલુ ચિલ્લામાં આના પ્રત્યુતરો જરૂર હશે, પણ આજના માનવીને એ પ્રત્યુતરોમાં કયાંય સત્ય, શિવ અને સુંદરમની તૃપ્તિ થતી નથી. આપના આગમનથી ઘણા બધા લોકોને પોતાના પ્રશ્નોના પ્રત્યુત્તરો મળી ચૂકયા છે, જીવનમાં દ્દષ્ટિ મળી ચૂકી છે. જીવન સફરની કેડી ઉપર પ્રકાશ પથરાયેલો છે. લોકો ખરેખર એક અલૌકિક અને અવર્ણનિય તૃપ્તિ અનુભવી રહ્યા છે.

ક્રાંતિ વિકાસની એક કડી છે અને સત્યના દરેક શોધકને ક્રાંતિ કરવી જ પડે છે, આપે પણ પચીસો વર્ષમાં અવનવી અને અદભૂત ગણી શકાય એવી એક મહાન ક્રાંતિ આરંભિ છે, જગતના ઇતિહાસમાં જે સૌથી મહાન ધર્મ મનાય છે એ ધર્મનું રહસ્ય જગત અને જનતાને પીરસવા માટે આપ અલખ નિરંજન બની જે જયોત પ્રગટાવી રહ્યા છો એ ખરેખર સુવર્ણ અક્ષરે અંકિત બની જશે. વિશ્વમાં આજે ચોતરફ હિંસા, લડાઇ, વેરઝેરના વાદળો વિંટળાયેલા છે ત્યારે ભગવાન મહાવીરનો મહાન સંદેશો એક માત્ર દવા છે એમ કહીં આપ જગતમાં વધારેને વધારે શાંતિ સ્થપાય, લોકો વધુમાં વધુ અહિંસક બને, સત્યનો માર્ગ સાચવે એ માટે આપે જે ભેખ લીધો છે એ હિસાબે ભૂત અને વર્તમાનના મહાન આત્માઓ વચ્ચે આપે સ્થાન મેળવ્યું છે. આવતી કાલનો ઇતિહાસ આ હકિકતને જગતની એક મોટામાં મોટી મહાન સુઘટના તરીકે આલેખશે એમાં મને જરાયે શંકા નથી.

આપનો ઈતિહાસ લખાશે ત્યારે આ નાનકડા માનવી માટે એક નાનકડી કવિતા લખાયા વિના રહેશે નહિ. આફ્રિકાના અહોભાગ્ય શકય બન્યા હોય તો તેનો સૌથી વધુ યશ મોમ્બાસાના જૈન સંઘને આભારી છે, અમારા સમાજ વતી હું સંઘનો આજે જાહેરમાં હ્રદયપૂર્વક આભાર માનું છું. સાથે સાથે નાઇરોબીના શ્રી ઓશવાળ મહીલા મંડળ, ઓશવાળ યુવક મંડળ અને અન્ય માનનીય ભાઈઓ તથા બહેનો જેમણે રાત દિવસ સતત કામ ધંધા તરફ જોયાં વિના ભોગ આપ્યો છે, વ્યકિતગત નામો લેવા જતાં નામાવલિ લખાય જાય એટલે સામુહિક રીતે એમનો સૌનો આભાર માનુ છું. અન્ય ભાઈઓ અને બહેનોએ અમારા આયોજનમાં અમોને જે સાથ અને સહકાર આપ્યો છે સૌને હું ખરેખર ધન્યવાદ આપુ છું અને સૌનો આભાર માનુ છું.

છેલ્લે સૌથી વધારે આભાર મારે મારા સાથીદારો એટલે કે વીસા ઓશવાળ જ્ઞાતિ, નાઇરોબીના હોદ્દેદારો, કાર્યવાહી સમિતિના માનદ સભાસદો, ટ્રસ્ટી મહાશયો અને અન્ય માનદ કાર્યકર્તાઓનો માનવાનો છે કે જેમના સતત અવિરત, જહેમત, ખંત અને ખેલદીલી વગર પૂ. મુનિશ્રીનો આખોય કાર્યક્રમ આટલી હદે સફળતા પ્રાપ્ત નજ કરત.

મારા સાથીદારો મારા હિરચીર છે અને ફરીવાર હું હૃદયના ઊંડાણુથી એ સાથીદારોને નમન કરૂં છું અને ઉંડા ભાવોથી એ સૌને આ ઐતિહાસિક ઘટનાને સંપૂર્ણ રીતે સફળ બનાવવા માટે ધન્યવાદ આપુ છું.

પૂ. મુનિશ્રી ઘડીયાળના કાંટાઓ એનું કામ કર્યે જાય છે. આપે કહ્યું છે એ મુજબ જીવનો વર્ષોથી ભરવા કરતાં વર્ષોથી જીવનો ભરવા અમે સૌ પ્રયત્ન કરીશું. અમારા હૈયામાં આપે પ્રબોધેલા મીઠા સંસ્મરણો જીવનના અંતસુધી જાળવી રાખવા અમો આજથી કટીબદ્ધ થઇશું.

આપનો સંદેશો માનવી ધારે તો જીવનની હરેક પળમાં અપનાવી શકે તેમ છે, જીવનના દરેક ક્ષેત્રે માનવી ધર્મમય રહી શકે છે, ધર્મ અને જીવનની અન્ય પ્રવૃત્તિઓ જુદી નથી, પણ એક બીજાની પુરક છે.

આવતા સમયના એંધાણો ઓળખી આપે જે આત્મદીપ પ્રગટાવ્યો છે એ દીપની દીપિકા અમે હંમેશાં હંમેશાં ઝળઝળિત રાખવા નમ્ર પ્રયાસ કરીશું; હકીકતમાં અમો આપને આજે વિદાય આપવા ભેળા નથી થયા પણ અમારા હૈયામાં ઊંડે ઊંડે જે લગન અને ભકિત ભર્યા છે એ સઘળી શુભેચ્છાઓ સાથે અમો આપને ફરીને વહેલા વહેલા પધારજો એવું આમંત્રણ આપીએ છીએ.

નાઇરોબી સમાજ વતી હું આપને કોટી કોટી વંદન કરૂં છું અને શકય તેટલી વહેલી તકે ફરીવાર અહીં પધારવા અમારામાં રહી ગયેલા અંધારાઓને ઉલેચવા હૃદયપૂર્વક ફરીથી આમંત્રણ પાઠવુ છું. એ પ્રેમાંજલી, શ્રદ્ધાંજલી, અને ભવાંજલી સાથે પૂ. મુનિશ્રી આપને અમારા ફરી ફરીને કોટી કોટી વંદન હો.

# મહાન તપસ્વી મુનિશ્રી બલભદ્ર સાગરજી મહારાજ

પરમ પૂજ્ય તત્ત્વચિંતક ગુરુદેવ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) નું વિદેશગમન થવાથી તેઓશ્રીના અંતેવાસી તપસ્વી મુનિ બલભદ્રસાગરજીનું ચાતુર્માસ કોટ શાંતિનાથજી ઉપાશ્રયમાં કરવાનું નકકી થયું, તેઓની આ વર્ષે શ્રેણિતપ કરવાની ભાવના હતી, અને પૂ. ગુરુદેવ પરદેશ પધારે તે પહેલાંજ વાસક્ષેપ નંખાવી તપનો પ્રારંભ કરેલ હતો. તેઓશ્રીએ બધી મોટી તપશ્ચર્યાઓ કોટના ઉપાશ્રયમાંજ કરી છે તેથી તેમની ભાવના કોટમાંજ રહેવાની હતી. આ વર્ષે કોટના ઉપાશ્રયમાં સાહિત્ય ભૂષણ મુનીશ્રી કસ્તુર સાગરજી આદિ ઠાણાઓનું ચાતુર્માસ નકકી થયું હતું, તેમાં તપસ્વી મુનિ બલભદ્રજી પધારતાં સોનામાં જાણે સુગંધ ભળી ગઈ.

પ્રત્યેક તપની પાછળ પુર્ણાહુતિ પ્રસંગે તેઓશ્રીના કુટુંબી સ્વજનો તરફથી, શાંતિ સ્નાત્ર આદી મહોત્સવો ઉલ્લાસ પૂર્વક કરવામાં આવે છે, હાલનું શ્રેણી તપનું પારણું આસો વદી ૧૧ના રોજ આવશે. આવા તપસ્વી આત્માને અમારા કોટી વંદન હો.

# VISA OSHWAL COMMUNITY, NAIROBI

8 p.m. Sunday 29th August, 1971

HIS HOLINESS MUNISHRI CHITRABHANU,

LADIES, GENTLEMEN AND CHILDREN

I will start with a short prayer

"May the sacred stream of amity flow
forever in my heart,
May the universe prosper, such is my
cherished desire."

I bow to you your Holiness.

The dreaded hour has arrived! We are meeting here tonight, with a very sad heart, to bid farewell to our Munishri Chitrabhanu who is leaving East Africa on a very commendable mission to Europe and America to preach and propagate teachings of Jainism.

The first Munishri of Jain Religion ever to grace this part of the world has won hearts of thousands. I have had been fortunate to be with him for a great may occasion and to learn a lot in my own humble way. He has a magnetic personality with a transparent soul. In his presence one feels peace and tranquility and he is always ready to help the needy with truthful and untainted advice.

The great Monk is open to the aspirations of the youth and he is aware of the vibrations of the modern technological age. He is a scientist. His approach to religion is to go for the ultimate, without getting bogged down in the rituals.

His message of Amity, Appreciation, Compassion and Equanimity is the main tenet of our great religion, Jainism. He is an embodiment of these virtues.

I am quite aware of a great opposition to his overseas travel in India. The contention is that an important tenet of our Holi Scriptures is broken. I am not the one to judge the issue but what dismays me is that all those people who think they know Jainism well, to my simple-mind, are breaking very many tenets, of Jainism. The opposition is apparently vehement, emotional and with the intention to hurt. They seem to have forgotten that our conduct, (especially the conduct of Sadhus) in life should be guided by four principals namely, Amity, Appreciation, Compassion and Equanimity.

May we all have compassion to these souls.

Your Holiness we are grateful to you, Sir, for bringing the light of Jainism to us.

I will like to take this opportunity to express my thanks to the Kenya Police, other Government Officials, all other persons who have helped to make Munishri's stay in East Africa comfortable and pleasant.

**RAVINCHANDRA J. SHAH**

*HON. SECRETARY*

P. O. BOX 638, NAIROBI

**VISA OSHWAL COMMUNITY, NAIROBI.**

# પૂજ્ય શ્રીના આગમનની લંડનમાં આતુરતા

(શ્રી રતીભાઇ ચંદેરીયા તા. ૨૧ તથા ૨૬ મીના પત્રમાં લખે છે તેના આધારે.) તમારા તરફથી પૂ. શ્રીના પુસ્તકો, જીવન ચરિત્ર મળ્યું છે, ત્યારબાદ તાત્કાલિક એક મીટિંગ બોલાવી અને પૂ. ગુરુદેવ શ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) ના સ્વાગત માટે, પ્રેસ કોન્ફરન્સ, બી. બી. સી. પોસ્ટરો છપાવવાનો નિર્ણય કર્યો છે, લંડનમાં અને આજુબાજુના પરાઓમાં વસતા જૈન તેમજ હિંદુસ્તાનના અન્ય–ભાઇઓને પૂ. શ્રીની વાણીનો, દર્શનનો સંપૂર્ણ લાભ મળી શકે તે વ્યવસ્થા કરવી.

મેં ગરવી ગુજરાત પત્રિકામાં પૂ. શ્રીના જીવન અને કવન સાથે લંડનની ધરતી પર આવાગમનની પૂરતી માહિતી આપી હતી, અને તે પ્રસિદ્ધ થઇ હોવાથી U. K. માં વસતા આપણા બંધુઓને ઘણી ઉપયોગી થઇ છે, તેમાં શ્રી નવનીતભાઇ શાહે જે મદદ કરી તે માટે હું આભાર વ્યકત કરૂં છું.

શ્રી જૈન ફેલોશિપ સેન્ટર જે ૧૯૭૦ પૂ. શ્રી પધાર્યા ત્યારે અત્રે ખુલ્લું મુકાયું હતું, તેના લેટર હેડ પર દરેક સભ્યોને ફોટા સાથે પત્ર પાઠવેલ છે.

અત્રેના આપણા રાજદ્વારી પુરુષો શ્રી Appa, Pant Dr. Basu અને Charity Commissioner વગેરેએ આમંત્રણ પૂ. શ્રીના સ્વાગત માટે સ્વિકારેલ છે.

કમિટીના મેમ્બરોએ નકકી કર્યું છે કે, બસો ભાડે રાખી મોટા સમૂહમાં સેંકડોની સંખ્યામાં Air Port પર સૌએ સાથે પૂ. શ્રીનું સ્વાગત કરવા જવું.

પૂ. શ્રીના ફોટાઓ સાથે સેંકડો પોસ્ટરો આજે U. K. ના લંડન શહેરમાં Distribute થયા છે.

સૌ મેમ્બરોએ કહ્યું કે પૂ. શ્રી આફ્રિકાથી અત્રે પધારે છે, ત્યાં તો ઘેર ઘેર લોકો તેમના દર્શન, સ્વાગત અને વાણીના શ્રવણ માટે ઘેલાં ઘેલાં બન્યા છે અને ખૂણે ખૂણેના ગામમાં એક જાણીતી વિભૂતી તરીકે પૂજાયા છે, તો આ વખતે આપણે જૈનોએ પણ શીખ, સ્વામિનારાયણની સંસ્થાઓ અને Followers ની માફક ખૂબ તનતોડ મહેનત કરી, તેઓશ્રીનું સ્વાગત અને લાભ ઉઠાવવો જોઇએ.

શ્રી જૈન ફેલોશિપ સેન્ટર તરફથી મહાન ચિંતક પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગર (મુનિ રત્ન ચિત્રભાનુ) એઓશ્રી આફ્રિકાનો પ્રવાસપૂર્ણ કરીને યુરોપ અને અમેરિકામાં ધાર્મિક કોન્ફરન્સ અને પ્રવચનો આપવા જતાં શ્રી ઓશવાળ એસોસિએશન ઓફ યુનાઇટેડ કિંગ્ડમના આમંત્રણ સ્વિકારી લંડન પધારશે, એમનો સત્કાર કરવા સહુને હાર્દિક આમંત્રણ છે.

Proper fellowship, proper discourse and a conscience fully awake are the three essentials needed every hour, every moment, to restrain the straying mind in its propensity to pursue the path of moral degeneration. This primary truth the self-devoted votary must ever keep in mind

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**

પતનના માર્ગે પ્રયાણ ઇચ્છતા મનને અટકાવવા માટે સત્સંગ, સદુપદેશ અને આત્મજાગૃતિની ક્ષણેક્ષણે ને પળેપળે જરૂરિયાત છે. આ વાત સાધકે સદા લક્ષમાં રાખવી જોઇએ.

'સૌરભ'માંથી : ચિત્રભાનુ


*With best wishes from:*

**Ramnord Research Laboratories Ltd.**

**77, Dr. A. B. Road, Worli, Bombay 18.**

**SHREE JAIN FELLOWSHIP CENTRE**

"NON-VIOLENCE IN ACTION" "RELATIVITY IN THINKING"

Sponsored by: MUNISHREE CHITRABHANU OF THE DIVINE KNOWLEDGE SOCIETY-BOMBAY

c/o 2, Sussex Square
London W2 2SJ
Phone: 01-723 6132

2nd September, 1971

Mrs. P. Parikh,
C/o Divine Knowledge Society,
Queen's view, BOMBAY-6.

Dear Prabhaben,

Further to my letter of 26th August, I am pleased to advise you that Munishri with two gentlemen from the Nairobi Sangh arrived on Monday noon; the plane being delayed for about four hours. There were almost abont 500 to 600 people at the airport to receive and welcome Munishri which in itself is a phenomenon as to gather a crowd like this at the airport particularly when the community consists of businessmen who do not have the vision or appreciation of such visits. There was a bus load of people who travelled from Leicester, leaving Leicester early in the morning at 5-00 a.m. and reaching the airport at 8 a.m. All these people were patiently waiting for the plane to arrive which as I said above was already delayed for four hours.

Immediately after arrival, we drove to London when a meeting was arranged with Reverend Austin Williams of St. Martin's Church, Trafalgar Square, who was to introduce Munishri at the Press Conference the next day. No sooner this luncheon was over we then rushed to attend a lecture at 3.30 p.m. which was arranged by Oshwal Mandal under the auspices of Jain Fellowship Centre where there was a gathering of over 500 people. Everybody was simply pleased with Munishri's deliverance though short. Then there was a reception held at 7.30 p.m. to be followed by lecture in English at 8-30 p.m. at St. James Hall, 12 Gloucester Terrace, here again the hall was overflowing with people and this has been the position every day since thereafter.

Munishri will be delivering a lecture at Loughborough on Sunday and will be leaving for Hague on Monday morning.

Munishri has also been able to finalise his American tour and will be flying from Amsterdam direct to New York.

The arrival of Munishri has meant a lot to very many people as an occasion has arisen, at the airport or at the lecture hall, where people living in London for years all of a sudden meet eachother, not having known their whereabouts until this time.

We had arranged to have a Garvi Gujrat issue of special suppliment and a write up in India Weekly as per copies enclosed.

Press Conference was fine though it did not satisfy me particularly because we were aiming for wider national coverage which was not possible due to the bank holidays and the skeleton staff at all newspaper offices.

I enclose photocopies of various. letters received and other publicity material.
I hope that you are well.

Yours Sincerely,
R. P. CHANDARIA

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં.૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી ( દિવ્ય જ્ઞાન સંઘ ) માટે ક્વીન્સ વ્યુ. ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.